# ઝુમ (ZÚME)

# વિષય-સૂચિ

આવકાર,- 3
S.O.A.P.S.બાઈબલ વાંચન, 5
જવાબદારી જૂથો, 6
પ્રાર્થના ચક્ર, 8
૧૦૦ની યાદી, 9
ઈશ્વરની વાર્તા (સુવાર્તા), 14
સર્જન થી ન્યાયાસન, 14
બાપ્તિસ્મા,16
૩ -મિનિટની સાક્ષી,18
પ્રભુભોજન, 19
પ્રાર્થનાયાત્રા, 21
B.L.E.S.S. બ્લેસ પ્રાર્થના, 23
૩/૩ ગ્રુપ ચર્ચા, 24
તાલીમ ચક્ર, 27
આગેવાનોનાં એકમો, 30
૩ મહિનાની યોજના, 32
પ્રશિક્ષણની યાદી, 34
માર્ગદર્શન આપનાર સમોવડિયાં જૂથો, 38
ચાર ખેતરોને પારખવાને લગતી આકૃતિ, 39
સીધીસાદી મંડળી -
નકશો, 40
અનુક્રમણિકા, 41

# ઝુમ (ZÚME) તાલીમમાં આપનું સ્વાગત છે!

તમે અહીં આવ્યા છો, તેથી અમને ખુશી થાય છે!

ઝુમ (ZÚME) ટ્રેઈનીંગ એક ઓનલાઈન અને જીવન સંબંધી શીખવાનો એક અંતર્ગત અનુભવ છે, જે એવાં નાનાં જૂથો માટે તૈયાર કરવામાં આવ્યો છે કે જેઓ ઈસુની પાછળ ચાલીને ઈસુએ આપેલા મહાન આદેશને આધીન થવાનું તથા શિષ્યો બનાવવાના સેવાકાર્યને આગળ ધપાવવાનું શીખતા હોય છે.

## વિભાગનું માળખું

ઝુમ (ZÚME) ટ્રેઈનીંગમાં ૯ મૂળભુત સેશનો અને ૧ એડવાન્સ્ડ સેશનનો સમાવેશ કરવામાં આવ્યો છે (તમારી પ્રારંભિક તાલીમ પૂરી થાય એ પછીથી તમારું જૂથ સેશનમાં પરત આવી શકે છે) દરેક સેશન લગભગ ૨ કલાકનું છે, અને તેમાં નીચેની બાબતોનો સમાવેશ થયેલો હશે:

- શિષ્યો બનાવવાના સેવાકાર્યમાં વૃદ્ધિ પામવા માટેના મૂળભુત સિદ્ધાંતોને સમજવામાં તમારા જૂથને મદદરૂપ થવા માટેની વિડિયો અને ઓડિયો.
- જે કંઈ કહેવામાં આવી રહ્યું છે તેની મારફતે તમારા જૂથને વિચાર કરવામાં મદદરૂપ થઈ શકે એવા મુદ્દાઓ
- સીધાંસાદાં ઉદાહરણો કે જેની મારફતે તમારું જૂથ તમે જે કંઈ શીખી રહ્યા છો, તેને અમલમાં મૂકી શકે.
- તમારું જૂથ સતત શીખતું રહે અને સેશનો વચ્ચેના સમયગાળામાં વૃદ્ધિ પામતા રહેવામાં તેઓને મદદરૂપ થઈ શકે એવા સેશનોને લગતા પડકારો.

## શરૂઆતની તથા અંતિમ પ્રાર્થના

દુનિયાભરમાં ઈસુના ઘણાબધા અનુયાયીઓ તમારે માટે અને તમારા જૂથ માટે અગાઉથી પ્રાર્થનાઓ કરી રહ્યા છે, અને તમે આ સાહિત્ય મારફતે કાર્ય કરશો ત્યારે અમે તમારે માટે પ્રાર્થના કરવાનું ચાલુ રાખીશું. તમારું જૂથ પ્રાર્થના કરે છે નહિ, એ બાબતની ખાતરી પણ કરી લેજો.

દરેક સેશનની શરૂઆત કરતી વખતે, તમારા જૂથમાં કોઈકને (અથવા કેટલીક વ્યક્તિઓને) વિનંતી કરો કે તેઓ ઈશ્વરના પવિત્ર આત્માને તમારાં હૃદયોને તૈયાર કરવા અને દોરવણી આપવા માટે આમંત્રણ આપે. ઈશ્વરનો આભાર માનવાનું યાદ રાખો કે તેમને વધારે નજીકથી ઓળખવાની તથા તેમના પર વિશેષ પ્રેમ દર્શાવવાની તક તમને પ્રાપ્ત થઈ છે - તે ઈચ્છે છે કે દરેક જણ તેમને નજીકથી ઓળખે અને તેમના પર પ્રેમ રાખે!

દરેક સેશનના અંતે, એત જૂથ તરીકે ફરીથી પ્રાર્થના કરવાની એક તક તમને મળશે. તે તમને અન્ય લોકોની સાથે જે કંઈ શીખવી રહ્યા છે, એ સમજવામાં, તેનું લાગુકરણ કરવામાં અને બીજાઓ સમક્ષ એના સંબંધી વાત કરવામાં

તમને મદદરૂપ થવા માટેની ઈશ્વરને વિનંતી કરવાની તક ઝડપી લેવાનું ચૂકશો નહિ. તમારા જૂથની ચોક્કસ જરૂરિયાતો માટે પ્રાર્થના કરવાનું યાદ રાખો.

## જૂથ ચર્ચા

તમારા જૂથ સાથે તમે જે કંઈ શીખી રહ્યા છો, એની મારફતે વાત કરવાની અનેક તકો તમને પ્રાપ્ત થશે. જો કોઈ ખાસ કારણ ન હોય, તો જૂથ ચર્ચાઓ માટે લગભગ ૧૦ મિનિટનો સમય ફાળવવો જોઈએ. દરેક જણને ચર્ચામાં ભાગ લેવા માટે, પોતાના વિચારો અને ઉદ્દેશો સંબંધી વાત કરવાનું ઉત્તેજન પૂરું પાડો. તમારા જૂથની કોઈક વ્યક્તિ મારફતે ઈશ્વર જે કંઈ કહેવા માગતા હોય, તો એ તક ચૂકતા નહિ.

## તપાસો

અભ્યાસક્રમના સમયગાળા દરમિયાન તમારા જૂથને એક એવી તક પ્રાપ્ત થશે કે જેની મારફતે દરેક વ્યક્તિ પરસ્પર તપાસ કરીને એ બાબત જાણી શકશે કે તમે જે કંઈ શીખ્યા છો, તેને તમે કેટલા આધીન થયા છો અને બીજાઓ સમક્ષ એના સંબંધી વાત કરો છો. તાલીમના આ મહત્ત્વપૂર્ણ ભાગને પડતો મૂકતા નહિ, પરંતુ કોઈની ટીકા ન થાય એ માટે સાવધાની રાખશો. અન્ય લોકોને વૃદ્ધિ પામવામાં મદદરૂપ થાય એવું નમ્ર હૃદય આપવા માટે ઈશ્વરને વિનંતી કરો!

શરૂઆત કરવા માટે તૈયાર છો? આવો, આપણે આગળ વધીએ!

# વિભાગ-૦૧

આ સેશનમાં તમારું જૂથ ઝુમ (ZÚME) ટ્રેઈનીંગનો એક દૃષ્ટિકોણ પ્રાપ્ત કરીને શિષ્યો બનાવવાના સેવાકાર્યના બે મૂળભુત સિદ્ધાંતો શીખશે અને શિષ્યો બનાવવાના સેવાકાર્યને આગળ ધપાવનાર શિષ્યો બનાવવા માટેના બે સીધાસાદા માધ્યમોને શોધી કાઢશે.

## એસ.ઓ.એ.પી.એસ. બાઈબલ વાંચન

ઈસુના એક અનુયાયી તરીકે આપણે દરરોજ પવિત્રશાસ્ત્રનું વાંચન કરવું જાઈએ. દર અઠવાડિયે બાઈબલમાંથી કમસે કમ ૨૫-૩૦ અધ્યાયો વાંચવા, એ એક સારું સૂચન છે. SOAPS નો ઉપયોગ કરીને દરરોજ એક દૈનિક મનન પુસ્તિકા સાથે રાખીને બાઈબલ વાંચન કરવાથી બાઈબલને તમે સારી રીતે સમજી શકશો, એમાં લખવામાં આવેલાં વચનોને આધીન થઈ શકશો અને વધારે સારી રીતે એના સંબંધી વાત કરી શકશો:

- પવિત્રશાસ્ત્ર (Scripture): આજે તમને વિશેષ અર્થપૂર્ણ લાગતી હોય એવી એક કે વધારે કલમો લખી લો.
- અવલોકન (Observation): વધારે સારી રીતે સમજવા માટે એ કલમો અથવા ચાવીરૂપ મુદ્દાઓને તમારા
- શબ્દોમાં ફરીથી લખી લો.
- લાગુકરણ (Application): તમારા પોતાના જીવનમાં આ આજ્ઞાઓને આધીન થવાનો અર્થ શો થાય છે, એ સબંધી વિચાર કરો.
- પ્રાર્થના (Prayer): તમે જે કંઈ શીખ્યા છો અને તેને આધીન થવા માટે તમે જે કંઈ વિચારી રહ્યા છો, એ વિષે ઈશ્વરને વાત કરતી અક પ્રાર્થના લખી લો.
- બીજાઓ સમક્ષ વાત કરવી (Sharing): તમે જે કંઈ શીખ્યા છો / અમલમાં મૂક્યું છે, એ વિષે તમે કોની સમક્ષ વાત કરો એ સબંધી ઈશ્વરની ઈચ્છા જાણવા તમે તેમને વિનંતી કરો.

હવે, ચાલો, આપણે સોપ્સ (એસ.ઓ.એ.પી.એસ.) નો ઉપયોગ કરીએ:

એસ. - કેમ કે મારા વિચારો તે તમારા વિચારો નથી, તેમ તમારા માર્ગો તે મારા માર્ગો નથી, એમ યહોવા કહે છે. જેમ આકાશો પૃથ્વીથી ઊંચા છે, તેમ મારા માર્ગો તમારા માર્ગોથી, અને મારા વિચારો તમારા વિચારોથી ઊંચા છે. (યશાયા ૫૫:૮-૯)

ઓ. - એક માનવી તરીકે, હું જે કંઈ જાણું છું અને મારે કેવી રીતે કાર્ય કરવું જાઈએ એ સંબંધી જાણવામાં મારી મર્યાદાઓ છે. ઈશ્વર કોઈપણ રીતે સીમીત નથી. તે દરેક બાબતને નિહાળે છે અને દરેક સમજે છે. તે કોઈપણ બાબત કરી શકે છે.

એ. - ઈશ્વર દરેક બાબતને સમજે છે અને તેમના માર્ગો ઉત્તમ છે,તેથી કાર્યો કરવાની બાબતો હું મારા પોતાના માર્ગો પર આધાર રાખવાને બદલે જા હું ઈશ્વરને અનુસરીશ, તો મારા જીવનમાં હું વધારે સફળતાઓ પ્રાપ્ત કરીશ.

પી. - ઓ, પ્રભુ તમને પસંદ પડે તથા બીજાઓને મદદરૂપ થાય એવું એક ઉત્તમ જીવન કેવી રીતે જીવવું, તેની મને

ખબર નથી. મારા વિચારો મને નુકશાન પહોંચાડે છે. એને બદલે કૃપા કરીને મને તમારા માર્ગો અને તમારા વિચારો શીખવો. હું જ્યારે તમારી પાછળ ચાલતો હોઉં છું ત્યારે તમારા પવિત્ર આત્માને મને દોરવણી આપવા દો.

એસ. - હું આ કલમો તથા આ લાગુકરણ સંબંધી સ્ટીવ નામના મારા મિત્ર સાથે વાત કરીશ કે જે એક કપરા સમયમાંથી પસાર થઈ રહ્યો છે; અને જે પરિસ્થિતિનો સામનો તેણે કરવો પડી રહ્યો છે, એ માટે મહત્ત્વપૂર્ણ નિર્ણયો લેવા માટે તેને માર્ગદર્શનની જરૂર છે.

## જવાબદારી જૂથો

જવાબદારી જૂથો એક જ જાતિના – પુરુષોની સાથે પુરુષો, મહિલાઓની સાથે મહિલાઓ – બે કે ત્રણ લોકોથી બનાવવામાં આવ્યાં હોય છે – કે જેઓ અઠવાડિયામાં એક વખત મળીને એવા પ્રશ્નોની ચર્ચા કરે કે જે એવાં ક્ષેત્રોને અને અન્ય ક્ષેત્રોને કે જ્યાં સુધારાની જરૂર હોય. પ્રગટ કરે કે જ્યાં બધું બરાબર થઈ જાય. જા તેઓ રૂબરૂ મળવા અસમર્થ હોય તો તેઓ ફોન દ્વારા પણ મળી શકે છે. જૂથના દરેકને સમજવું જરૂરી છે કે જે શેર કર્યું છે તે ગુપ્ત છે.

પ્રવૃત્તિ (૪૫ મિનિટ) - એક જાતિની બે કે ત્રણ વ્યક્તિઓને જૂથોમાં વહેંચી દો. નીચે દર્શાવેલ જવાબદારીવાળા પ્રશ્નો મારફતે સાથે મળીને કાર્ય કરવામાં હવે પછીની ૪૫ મિનિટનો સમય વીતાવો. આ સેશન અગાઉ તમે સામૂહિક વાંચનની પ્રવૃત્તિ કરી ન હોવાને કારણે, અગાઉના વાંચનોને લગતા પ્રશ્નો પૂછો. પરિશિષ્ટમાંથી બીજી એક યાદી મળી શકે તેમ છે, અને તાલીમ કાર્યક્રમમાં તમે જ્યારે આગળ વધો છો, ત્યારે એ બાબત એક સારો વિકલ્પ બની રહેશે.

### જવાબદારી પૂર્ણ પ્રશ્નો - યાદી - ૧

પ્રાર્થના કરો કે આપણે ઈસુ જેવા બનીશું.

શું કરો છો ? તમારું પ્રાર્થના જીવન કેવું છે?

તમારે કબૂલ કરવા માટે કોઈ પાપ છે? (સંબંધ, જાતીય, નાણાકીય, અભિમાન, સત્તાને આધીન રહેવું વગેરે)

શું તમે ઈશ્વરને છેલ્લી વખત કહ્યું તેનું પાલન કર્યું છે ? વિસ્તારે જણાવો.

શું તમે આ અઠવાડિયામાં તમારા સંબંધની સૂચિમાં અવિશ્વાસીઓ માટે પ્રાર્થના કરી છે ? શું તમને તેમાંથી કોઈની સાથે શેર કરવાની તક મળી છે ? વિગતે જણાવો.

તમે આ અઠવાડિયે એક નવી કલમ યાદ કરી છે ? તે જણાવો.

તમે આ અઠવાડિયે બાઈબલના ઓછામાં ઓછા ૨૫ અધ્યાય વાંચ્યાં છે. અને તે આ અઠવાડિયે આમાંથી ઈશ્વરે તમને શું કહે છે?

તમે તેના વિશે વિશેષ શું કરવા જઈ રહ્યા છો ?

શું તમે આ અઠવાડિયામાં તમારા ૩/૩ જૂથ સાથે મળ્યા છે ? તે કેવી રીતે ચાલવું ?

તમે આ અઠવાડિયે નવું ૩/૩ જૂથ શરૂ કરવામાં કોઈને મોડેલ અથવા સહાય કરી છે ? વિગતો જણાવો. શું તમે ખ્રિસ્ત સાથે ચાલવામાં કોઈ અવરોધ ઉભો છે ?

શું તમને આ અઠવાડિયામાં સુવાર્તા વહેંચવાની તક મળી છે ? વિગતો જણાવો. હમણાં ૧-૩ મીનીટની સાક્ષીઓ અને સુવાર્તા તૈયાર કરો.

તમે આવતા અઠવાડિયે જૂથમાં કોને આમંત્રણ આપી શકો છો ? તે જૂથ ચાર અથવા વધુ છે, તો તેને ગુણાકાર કરો. શું જણાવવામાં આવ્યું તે સંબંધિત પ્રાર્થના સાથે બંધ.

## જવાબદારી પૂર્ણ પ્રશ્નો - યાદી - ૨

ગયા અઠવાડિયાના વાચનમાંથી તમને તમારો દૃષ્ટિકોણ કેવી રીતે પ્રાપ્ત થયો છે કે જેણે તમને વિચાર કરવાનો તથા જીવન જીવવાનો માર્ગ બતાવ્યો છે ?

શું તમે ઈશ્વરને કાર્ય કરતાં નિહાળ્યા છે ?

શું તમે તમારા શબ્દો અને કૃત્યો મારફતે આ અઠવાડિયે ઈસુ ખ્રિસ્તના મહાનપણાને પ્રગટ કરતી સાક્ષી પૂરી છે ?

શું તમારી સમક્ષ જાતીય વૃત્તિને ઉત્તેજીત કરનાર કોઈ બાબત પ્રગટ થઈ છે ખરી કે જેને પરિણામે તમારા મનમાં જાતીય વ્યવહાર કરવાને લગતા અયોગ્ય વિચારો આવ્યા હોય ?

નાણાંનો ઉપયોગ કરવાની બાબતમાં તમે ક્યારેય એવો વિચાર કર્યો છે કે એ નાણાંના માલિક તો ઈશ્વર પોતે છે ?

શું તમે કોઈ બાબતનો લોભ રાખ્યો છે ?

શું તમે તમારી વાણી મારફતે કોઈકના મોભા કે લાગણીઓને ઠેસ પહોંચાડી છે ?

શું તમે તમારી વાણી કે વર્તનમાં અપ્રમાણિક બન્યા છો ? અથવા તો અતિશયોક્તિ દેખાડી છે ?

શું તમે કોઈ વ્યસનના બંધાણી બનીને અયોગ્ય રીતે વર્ત્યા છો (જેમાં આળસ કે અશિસ્ત પ્રગટ થતી હોય) ?

શું તમે વસ્ત્રપરિધાન, મિત્રો, પ્રવૃત્તિ કે ધનદોલતના ગુલામ બની ગયા છો ?

શું તમે કોઈકને માફ કરવાની બાબતમાં નિષ્ફળ ગયા છો ?

તમે કેવા પ્રકારની ચિંતાઓ કે બેચેનીનો સામનો કરી રહ્યા છો ?

શું તમે ફરિયાદ કે કચકચ કરી છે ?

શું તમે આભારીભાવ સાથેનું હૃદય જાળવી રાખ્યું છે ?

શું તમે તમારા મહત્ત્વપૂર્ણ સંબંધોમાં બીજાઓનો આદર રાખનારા, સમજુ અને ઉદાર રહ્યા છો ?

વિચાર, વાણી અને વર્તનમાં તમારે કયા કયા પરીક્ષણોનો સામનો કરવો પડ્યો હતો અને તમારો પ્રતિભાવ કેવો હતો ?

બીજાઓ અને વિશેષ કરીને વિશ્વાસીઓની સેવા કરવાની અથવા તેઓને માટે આશીર્વાદરૂપ બનવાની તકો શું તમે ઝડપી લીધી હતી ?

શું તમે પ્રાર્થનાનો સ્પષ્ટ પ્રત્યુત્તર મળેલો જાયો છે ?

શું તમે અઠવાડિયા માટેનું વાંચનકાર્ય પૂરૂં કર્યું છે ?

# વિભાગ-૦૨

આ સેશનમાં, તમારા જૂથના સભ્યો ઈશ્વરના રાજ્યનું નિર્માણ કરનારા લોકો તથા તેનો ઉપયોગ કરનારા લોકો વચ્ચેનો તફાવત વિષે શીખશે. વળી તમે વિશેષ પ્રમાણમાં શિષ્યો બનાવવા માટેના કાર્ય માટે ઉપયોગી બની શકે એવાં બીજાં બે સીધાસાદાં સાધનો સંબંધી પણ શીખશો.

## પ્રાર્થના ચક્ર

પ્રાર્થના કરવાનો મહાવરો કરવા માટે પ્રાર્થનાચક્ર એક સીધુંસાદું માધ્યમ છે કે જેનો તમે પોતે જ ઉપયોગ કરી શકો છો અને કોઈપણ અનુયાયી સાથે તેના વિષે વાતચીત કરી શકો છો. કેવળ ૧૨ જેટલા સીધાંસાદાં પગથિયાંમાં જ – દરેક માટે ૫ મિનિટ – પ્રાર્થનાચક્ર તમને એવી બાર રીતે દોરવણી પૂરી પાડે છે કે જેની મારફતે બાઈબલ આપણને પ્રાર્થના કરતાં શીખવે છે. જેને પરિણામે તમે એક કલાક માટે પ્રાર્થના કરી હોય.




**સ્તુતિ**: પ્રભુની સ્તુતિ કરીને તમારી પ્રાર્થનાની શરૂઆત કરો. અત્યારે તમારા મનમાં જે બાબતો આવતી હોય, તે માટે તેમની સ્તુતિ કરો. ગયા અઠવાડિયામાં તમારા જીવનમાં તેમણે જે કોઈ વિશેષ બાબત કરી હોય, એ માટે તેમની સ્તુતિ કરો. તમારા કુટુંબ પ્રત્યે તેમણે પ્રગટ કરેલી તેમની ભલાઈ માટે તેમની સ્તુતિ કરો.

રાહ જુઓ: પ્રભુની વાટ જાવામાં સમય વીતવો. શાંત રહો અને પ્રભુને તમારે માટે એક સાથે પ્રતિભાવો ખેંચવા દો.

**કબૂલાત કરો**: ઈશ્વરને નાપસંદ એવી તમારા જીવનની કોઈપણ બાબત તમારી સમક્ષ પ્રગટ કરવા માટે પવિત્ર

આત્માને વિનંતી કરો. ખોટાં વલણો તેમ જ અમુક કૃત્યો કે જેને માટે તમે હજી સુધી કબૂલાતની પ્રાર્થના કરી નથી, એ બાબતો પ્રત્યે ધ્યાન દોરવા પ્રભુને વિનંતી કરો. હવે પ્રભુની સમક્ષ કબૂલાત કરો કે જેથી કરીને તમે શુધ્ધ થઈ શકો.

**વચન વાંચો**: ગીતશાસ્ત્રના પુસ્તકમાં, પ્રબોધકોનાં પુસ્તકોમાં તથા પ્રાર્થના સંબંધી નવા કરારમાં આપવામાં આવેલા શાસ્ત્રભાગોનું વાચન કરવામાં સમય ગાળો.

**મધ્યસ્થી: બીજાઓ વતી વિનંતીઓ રજૂ કરો.**

**વિનંતી કરો**: તમારા વતી વિનંતીઓ રજૂ કરો.

**વચન પ્રમાણે પ્રાર્થના કરો**: અમુક શાસ્ત્રભાગો પ્રમાણે પ્રાર્થના કરો. પવિત્રશાસ્ત્ર આધારિત પ્રાર્થનાઓ તેમ જ ઘણાંબધાં ગીતો પોતે જ આ હેતુને સાર્થક કરે છે.

**આભાર માનો**: તમારા જીવનની બાબતો માટે તમારા કુટુંબ વતી, અને તમારી મંડળી વતી પ્રભુનો આભાર માનો.

**ગીતો ગાઓ**: સ્તુતિ કે આરાધના પ્રગટ કરનારાં અથવા અન્ય કોઈ સ્તોત્ર કે આત્મિક ગીત ગાઓ.

**મનન કરો**: તમારી સાથે વાત કરવા માટે પ્રભુને વિનંતી કરો. પ્રભુ તમને જે કંઈ કહે, તે નોંધી લેવા માટે એક પેન અને ડાયરી તૈયાર રાખો.

**ધ્યાનથી સાંભળો**: તમે જે કંઈ વાંચ્યું છે, તમે જે બાબતો માટે પ્રાર્થના કરી છે અને તમે જે બાબતો માટે ગીતો ગાયાં છે. એ બધી બાબતોને એકરૂપ કરવામાં સમય વીતાવો અને જુઓ કે તમારી સાથે વાત કરવા માટે પ્રભુ એ બધી બાબતોને કેવી રીતે એકરૂપ કરી દે છે.

**સ્તુતિ કરો**: પ્રભુની સાથે ગાળવાનો જે સમય તમને પ્રાપ્ત થયો છે અને તેમણે તમારા પર જે મહોર મારી છે, એ માટે પ્રભુની સ્તુતિ કરો. તેમના મહિમાવંત ગુણો માટે પ્રભુની સ્તુતિ કરો.

**પ્રવૃત્તિ** (૬૦ મિનિટ) - પ્રાર્થના ચક્રના મહાવરા દ્વારા વ્યક્તિગત રૂપે કાર્ય કરીને આગામી ૬૦ મિનિટ પ્રાર્થનામાં વિતાવો. જૂથ માટે પાછા ફરવા અને ફરીથી મળવા માટેનો સમય નક્કી કરો કે દરેકને પ્રાર્થના માટે શાંત સ્થળ શોધવા અને જૂથ તરફ પાછા મળવા માટે થોડી વધુ મિનિટ આપવાની મંજૂરી આપો.

## ૧૦૦ની યાદી

શું તમે ક્યારેય તમારા સંબંધોને કંઈક એવું વિચાર્યું છે કે જેના માટે તમે જવાબદાર છો ? તમારા સંબંધો માટે તમને વધુ જવાબદાર બનાવવામાં સહાય માટે ૧૦૦ની યાદી એક સરળ સાધન છે.

ઈશ્વરે આપણને અગાઉથી જ સગાંવહાલાંઓ આપેલાં છે, તેથી આપણે “જઈને શિષ્યો બનાવવાના” છે. આપણા સમગ્ર જીવન દરમિયાન આપણને જેઓની ઓળખ પ્રાપ્ત થાય છે, કે જેઓને આપણે હમણાં જ મળ્યાં હોઈએ, એ બધા લોકો આપણાં કુટુંબીજનો, મિત્રો, પાડોશીઓ, સાથીકર્મચારીઓ અને સહાધ્યાયીઓ જ છે. લોકો પ્રત્યે વિશ્વાસુ

રહેવાનો ગુણ તો અગાઉથી જ આપણાં જીવનોમાં મૂકેલો છે, અને એ ગુણ તો વધારે શિષ્યો બનાવવાની બાબતનું પ્રથમ પગથિયું છે. અને એક યાદી બનાવવા જેવા સીધાસાદા પગલાંથી એ બાબત થઈ શકે છે.

પ્રવૃત્તિ (૩૦ મિનિટ) - **હવે પછીનાં પૃષ્ઠો પર છાપવામાં આવેલ ૧૦૦ જણાંની નામોની યાદીનો ઉપયોગ કરીને તમારા જૂથમાંના દરેક જણને હવે પછી ૩૦ મિનિટનો સમય આપો કે જેથી કરીને તેઓ પોતાના સંબંધીઓની માહિતી એ ખાનાંઓમાં લખી શકે. દરેક ખાનામાં નામ લખો અને વ્યક્તિનું આત્મિક સ્તર કેવું છે, એ દર્શાવતું નિશાન કરો, એ વ્યક્તિ ક્યાં તો "શિષ્ય" (જેને તમે અગાઉથી જ ઈસુના એક અનુયાયી તરીકે ઓળખતા હો) છે, "અવિશ્વાસી" (જેને તમે અગાઉથી જ ઓળખો છો કે જે ઈસુનો અનુયાયી નથી) અથવા "અજાણ્યો" છે.**

જો કોઈ વ્યક્તિ પોતાની યાદી પૂરી કર્યા અગાઉ પોતાનું કામ પૂરું કરી ન રહે, તો તે પાછળથી એ કામ પૂરું કરી શકશે.

યાદ રાખો: **૧૦૦ જણાની તમારી યાદીમાં જેઓનાં નામ સમાવવામાં આવ્યાં છે, એ બધાને તમે ઓળખતા હોવા જાઈએ કે જેને પરિણામે તેઓનો સંપર્ક કેવી રીતે કરવો તેની તમને જાણ હોવી જાઈએ અને એવી વ્યક્તિઓની સાથે તમે લાંબા સમય સુધી સંપર્કમાં રહી શકો.**

# ૧૦૦ની યાદી

| | | | |
|---|---|---|---|
| 1. જોન ડી | ☐ શિષ્ય | ☐ અવિશ્વાસી | ■ અજાણ્યા |

| | | | |
|---|---|---|---|
| 1. ______ | ☐ શિષ્ય | ☐ અવિશ્વાસી | ☐ અજાણ્યા |
| 2. ______ | ☐ શિષ્ય | ☐ અવિશ્વાસી | ☐ અજાણ્યા |
| 3. ______ | ☐ શિષ્ય | ☐ અવિશ્વાસી | ☐ અજાણ્યા |
| 4. ______ | ☐ શિષ્ય | ☐ અવિશ્વાસી | ☐ અજાણ્યા |
| 5. ______ | ☐ શિષ્ય | ☐ અવિશ્વાસી | ☐ અજાણ્યા |
| 6. ______ | ☐ શિષ્ય | ☐ અવિશ્વાસી | ☐ અજાણ્યા |
| 7. ______ | ☐ શિષ્ય | ☐ અવિશ્વાસી | ☐ અજાણ્યા |
| 8. ______ | ☐ શિષ્ય | ☐ અવિશ્વાસી | ☐ અજાણ્યા |
| 9. ______ | ☐ શિષ્ય | ☐ અવિશ્વાસી | ☐ અજાણ્યા |
| 10. ______ | ☐ શિષ્ય | ☐ અવિશ્વાસી | ☐ અજાણ્યા |
| 11. ______ | ☐ શિષ્ય | ☐ અવિશ્વાસી | ☐ અજાણ્યા |
| 12. ______ | ☐ શિષ્ય | ☐ અવિશ્વાસી | ☐ અજાણ્યા |
| 13. ______ | ☐ શિષ્ય | ☐ અવિશ્વાસી | ☐ અજાણ્યા |
| 14. ______ | ☐ શિષ્ય | ☐ અવિશ્વાસી | ☐ અજાણ્યા |
| 15. ______ | ☐ શિષ્ય | ☐ અવિશ્વાસી | ☐ અજાણ્યા |
| 16. ______ | ☐ શિષ્ય | ☐ અવિશ્વાસી | ☐ અજાણ્યા |
| 17. ______ | ☐ શિષ્ય | ☐ અવિશ્વાસી | ☐ અજાણ્યા |
| 18. ______ | ☐ શિષ્ય | ☐ અવિશ્વાસી | ☐ અજાણ્યા |
| 19. ______ | ☐ શિષ્ય | ☐ અવિશ્વાસી | ☐ અજાણ્યા |
| 20. ______ | ☐ શિષ્ય | ☐ અવિશ્વાસી | ☐ અજાણ્યા |
| 21. ______ | ☐ શિષ્ય | ☐ અવિશ્વાસી | ☐ અજાણ્યા |
| 22. ______ | ☐ શિષ્ય | ☐ અવિશ્વાસી | ☐ અજાણ્યા |
| 23. ______ | ☐ શિષ્ય | ☐ અવિશ્વાસી | ☐ અજાણ્યા |
| 24. ______ | ☐ શિષ્ય | ☐ અવિશ્વાસી | ☐ અજાણ્યા |
| 25. ______ | ☐ શિષ્ય | ☐ અવિશ્વાસી | ☐ અજાણ્યા |
| 26. ______ | ☐ શિષ્ય | ☐ અવિશ્વાસી | ☐ અજાણ્યા |
| 27. ______ | ☐ શિષ્ય | ☐ અવિશ્વાસી | ☐ અજાણ્યા |
| 28. ______ | ☐ શિષ્ય | ☐ અવિશ્વાસી | ☐ અજાણ્યા |
| 29. ______ | ☐ શિષ્ય | ☐ અવિશ્વાસી | ☐ અજાણ્યા |
| 30. ______ | ☐ શિષ્ય | ☐ અવિશ્વાસી | ☐ અજાણ્યા |
| 31. ______ | ☐ શિષ્ય | ☐ અવિશ્વાસી | ☐ અજાણ્યા |

32. ____________________ ☐ શિષ્ય ☐ અવિશ્વાસી ☐ અજાણ્યા
33. ____________________ ☐ શિષ્ય ☐ અવિશ્વાસી ☐ અજાણ્યા
34. ____________________ ☐ શિષ્ય ☐ અવિશ્વાસી ☐ અજાણ્યા
35. ____________________ ☐ શિષ્ય ☐ અવિશ્વાસી ☐ અજાણ્યા
36. ____________________ ☐ શિષ્ય ☐ અવિશ્વાસી ☐ અજાણ્યા
37. ____________________ ☐ શિષ્ય ☐ અવિશ્વાસી ☐ અજાણ્યા
38. ____________________ ☐ શિષ્ય ☐ અવિશ્વાસી ☐ અજાણ્યા
39. ____________________ ☐ શિષ્ય ☐ અવિશ્વાસી ☐ અજાણ્યા
40. ____________________ ☐ શિષ્ય ☐ અવિશ્વાસી ☐ અજાણ્યા
41. ____________________ ☐ શિષ્ય ☐ અવિશ્વાસી ☐ અજાણ્યા
42. ____________________ ☐ શિષ્ય ☐ અવિશ્વાસી ☐ અજાણ્યા
43. ____________________ ☐ શિષ્ય ☐ અવિશ્વાસી ☐ અજાણ્યા
44. ____________________ ☐ શિષ્ય ☐ અવિશ્વાસી ☐ અજાણ્યા
45. ____________________ ☐ શિષ્ય ☐ અવિશ્વાસી ☐ અજાણ્યા
46. ____________________ ☐ શિષ્ય ☐ અવિશ્વાસી ☐ અજાણ્યા
47. ____________________ ☐ શિષ્ય ☐ અવિશ્વાસી ☐ અજાણ્યા
48. ____________________ ☐ શિષ્ય ☐ અવિશ્વાસી ☐ અજાણ્યા
49. ____________________ ☐ શિષ્ય ☐ અવિશ્વાસી ☐ અજાણ્યા
50. ____________________ ☐ શિષ્ય ☐ અવિશ્વાસી ☐ અજાણ્યા
51. ____________________ ☐ શિષ્ય ☐ અવિશ્વાસી ☐ અજાણ્યા
52. ____________________ ☐ શિષ્ય ☐ અવિશ્વાસી ☐ અજાણ્યા
53. ____________________ ☐ શિષ્ય ☐ અવિશ્વાસી ☐ અજાણ્યા
54. ____________________ ☐ શિષ્ય ☐ અવિશ્વાસી ☐ અજાણ્યા
55. ____________________ ☐ શિષ્ય ☐ અવિશ્વાસી ☐ અજાણ્યા
56. ____________________ ☐ શિષ્ય ☐ અવિશ્વાસી ☐ અજાણ્યા
57. ____________________ ☐ શિષ્ય ☐ અવિશ્વાસી ☐ અજાણ્યા
58. ____________________ ☐ શિષ્ય ☐ અવિશ્વાસી ☐ અજાણ્યા
59. ____________________ ☐ શિષ્ય ☐ અવિશ્વાસી ☐ અજાણ્યા
60. ____________________ ☐ શિષ્ય ☐ અવિશ્વાસી ☐ અજાણ્યા
61. ____________________ ☐ શિષ્ય ☐ અવિશ્વાસી ☐ અજાણ્યા
62. ____________________ ☐ શિષ્ય ☐ અવિશ્વાસી ☐ અજાણ્યા
63. ____________________ ☐ શિષ્ય ☐ અવિશ્વાસી ☐ અજાણ્યા
64. ____________________ ☐ શિષ્ય ☐ અવિશ્વાસી ☐ અજાણ્યા
65. ____________________ ☐ શિષ્ય ☐ અવિશ્વાસી ☐ અજાણ્યા

66. ________ ☐ શિષ્ય ☐ અવિશ્વાસી ☐ અજાણ્યા
67. ________ ☐ શિષ્ય ☐ અવિશ્વાસી ☐ અજાણ્યા
68. ________ ☐ શિષ્ય ☐ અવિશ્વાસી ☐ અજાણ્યા
69. ________ ☐ શિષ્ય ☐ અવિશ્વાસી ☐ અજાણ્યા
70. ________ ☐ શિષ્ય ☐ અવિશ્વાસી ☐ અજાણ્યા
71. ________ ☐ શિષ્ય ☐ અવિશ્વાસી ☐ અજાણ્યા
72. ________ ☐ શિષ્ય ☐ અવિશ્વાસી ☐ અજાણ્યા
73. ________ ☐ શિષ્ય ☐ અવિશ્વાસી ☐ અજાણ્યા
74. ________ ☐ શિષ્ય ☐ અવિશ્વાસી ☐ અજાણ્યા
75. ________ ☐ શિષ્ય ☐ અવિશ્વાસી ☐ અજાણ્યા
76. ________ ☐ શિષ્ય ☐ અવિશ્વાસી ☐ અજાણ્યા
77. ________ ☐ શિષ્ય ☐ અવિશ્વાસી ☐ અજાણ્યા
78. ________ ☐ શિષ્ય ☐ અવિશ્વાસી ☐ અજાણ્યા
79. ________ ☐ શિષ્ય ☐ અવિશ્વાસી ☐ અજાણ્યા
80. ________ ☐ શિષ્ય ☐ અવિશ્વાસી ☐ અજાણ્યા
81. ________ ☐ શિષ્ય ☐ અવિશ્વાસી ☐ અજાણ્યા
82. ________ ☐ શિષ્ય ☐ અવિશ્વાસી ☐ અજાણ્યા
83. ________ ☐ શિષ્ય ☐ અવિશ્વાસી ☐ અજાણ્યા
84. ________ ☐ શિષ્ય ☐ અવિશ્વાસી ☐ અજાણ્યા
85. ________ ☐ શિષ્ય ☐ અવિશ્વાસી ☐ અજાણ્યા
86. ________ ☐ શિષ્ય ☐ અવિશ્વાસી ☐ અજાણ્યા
87. ________ ☐ શિષ્ય ☐ અવિશ્વાસી ☐ અજાણ્યા
88. ________ ☐ શિષ્ય ☐ અવિશ્વાસી ☐ અજાણ્યા
89. ________ ☐ શિષ્ય ☐ અવિશ્વાસી ☐ અજાણ્યા
90. ________ ☐ શિષ્ય ☐ અવિશ્વાસી ☐ અજાણ્યા
91. ________ ☐ શિષ્ય ☐ અવિશ્વાસી ☐ અજાણ્યા
92. ________ ☐ શિષ્ય ☐ અવિશ્વાસી ☐ અજાણ્યા
93. ________ ☐ શિષ્ય ☐ અવિશ્વાસી ☐ અજાણ્યા
94. ________ ☐ શિષ્ય ☐ અવિશ્વાસી ☐ અજાણ્યા
95. ________ ☐ શિષ્ય ☐ અવિશ્વાસી ☐ અજાણ્યા
96. ________ ☐ શિષ્ય ☐ અવિશ્વાસી ☐ અજાણ્યા
97. ________ ☐ શિષ્ય ☐ અવિશ્વાસી ☐ અજાણ્યા
98. ________ ☐ શિષ્ય ☐ અવિશ્વાસી ☐ અજાણ્યા
99. ________ ☐ શિષ્ય ☐ અવિશ્વાસી ☐ અજાણ્યા
100. ________ ☐ શિષ્ય ☐ અવિશ્વાસી ☐ અજાણ્યા

## વિભાગ-03

આ સેશનમાં, આપણે એ બાબત શીખીશું કે ઈશ્વરનું આત્મિક અર્થતંત્ર કેવી રીતે કાર્ય કરતું હોય છે અને અગાઉથી જેઓને જે કંઈ આપવામાં આવેલું છે, એનો વહીવટ કરવામાં વિશ્વાસુ રહેનારા લોકોમાં ઈશ્વર કેવી રીતે વધારે પ્રમાણમાં રોકાણ કરે છે, એ બાબત પણ આપણે શીખવાના છીએ.

### ઈશ્વરની વાર્તા (સુવાર્તા)

ઈસુએ કહ્યું કે, "પવિત્ર આત્મા તમારા પર આવશે, ત્યારે તમે સામાર્થ્ય પામશો; અને યરૂશાલેમમાં, આખા યહૂદિયામાં, સમરૂનમાં તથા પૃથ્વીના છેડા સુધી તમે મારા સાક્ષી થશો."

ઈસુ તેમના અનુયાયીઓ પર સારા એવા પ્રમાણમાં વિશ્વાસ ધરાવતા હતા, પોતાના વિષેની વાત પ્રગટ કરવા માટે તેમણે તેઓ પર ભરોસો મૂક્યો હતો. અને એ કાર્ય કરવા માટે તેમણે તેઓને જગતભરમાં મોકલી આપ્યા. અત્યારે, તે આપણને મોકલી રહ્યા છે.

ઈશ્વર વિષેની વાત જણાવવા માટેની કોઈ "ઉત્તમ રીત" છે જ નહિ, (જેને સુવાર્તા તરીકે પણ ઓળખવામાં આવે છે), કારણ કે ઉત્તમ રીત તો તમે કોની સમક્ષ એ વાત કહી રહ્યા છો, તેના પર આધાર રાખશે. દરેક શિષ્યએ ઈશ્વર વિષેની વાત એવી રીતે કહેતાં શીખવું પડશે કે જે પવિત્રશાસ્ત્ર અનુસાર સાચી હોય અને જેઓની સમક્ષ એ વાત કરવામાં આવે છે, એ શ્રોતાજનોની સાથે સંકળાયેલી હોય.

### ઈશ્વરની વાર્તા - સર્જનથી ન્યાયશાસન

ઈશ્વર વિષેના શુભ સમાચાર વિષે વાત કરવાની એક રીત તો એ છે કે સર્જનથી ન્યાયશાસન – માનવજાતની શરૂઆત થઈ ત્યારથી આ યુગના અંત સુધીની વાત કરવી.

આપણે જ્યારે આ રીતે ઈશ્વર વિષેની વાત કહીએ છીએ, ત્યારે આપણે એ વાતને લાંબી અથવા ટૂંકી, વિગતવાર અથવા સંક્ષિપ્ત બનાવી શકીએ છીએ, પરંતુ એ વાત સાંભળનાર વ્યક્તિના આચારવિચાર સાથે હમેશાં સંકળાયેલી રહે છે.

વિવિધ આચારવિચારો અને દૃષ્ટિકોણો ધરવતા દુનિયાના બધા જ લોકોની સમક્ષ ઈશ્વર સંબંધીની વાત કહેવામાં મદદરૂપ થવા માટે તમે હાથના હાવભાવનો પણ ઉપયોગ કરી શકો છો કે જે શીખવા તથા શીખવવામાં વધુ સરળ બની રહે છે.

શુભ સમાચાર વિષેની ઈશ્વરની વાર્તા અહીં રજૂ કરવામાં આવી છે –

"આરંભમાં ઈશ્વરે સમસ્ત સૃષ્ટિ તથા તેમાં જે કંઈ છે, એ દરેક બાબતનું સર્જન કર્યું હતું. તેમણે પ્રથમ પુરુષ અને

પ્રથમ સ્ત્રીનું સર્જન કર્યું. તેમણે તેઓને એક સુંદર વાડીમાં વસાવ્યા. તેમણે તેઓને પોતાના કુટુંબના ભાગરૂપ બનાવ્યા અને તે તેઓની સાથે એક ગાઢ સંબંધ ધરવતા હતા. તેઓ સદાકાળ જીવે, એ હેતુથી ઈશ્વરે તેઓનું સર્જન કર્યું હતું. મૃત્યુ જેવી કોઈ બાબત ત્યાં હતી જ નહિ."

"આ સંપૂર્ણ જગ્યાએ પણ માણસે ઈશ્વરની વિરૂધ્ધ બળવો પોકાર્યો અને જગતની અંદર તેઓ પાપ અને દુઃખ લાવ્યા. ઈશ્વરે તેઓને વાડીમાંથી બહાર તગેડી મૂક્યા. માણસ અને ઈશ્વર વચ્ચેનો સંબંધ તૂટી ગયો. હવે માણસે મૃત્યુનો સામનો કરવાનો વારો આવ્યો."

"સેંકડો વર્ષો પૂર્વે, ઈશ્વરે જગતની અંદર સંદેશવાહકો મોકલવાનું ચાલુ રાખ્યું. એ સંદેશવાહકો માણસને તેણે કરેલા પાપની યાદ દેવડાવતા હતા, વળી તેઓએ તેને ઈશ્વરના વિશ્વાસુપણા તથા જગતની અંદર એક તારનાર મોકલી આપવાની ખાતરી સંબંધી પણ વાત કરી. તારનાર ઈશ્વર અને માણસ વચ્ચેના ગાઢ સંબંધને પુનઃ સ્થાપિત કરવાનો હતો. તારનાર માણસને મૃત્યુમાંથી ઉગારી લેવાનો હતો. તારનાર અનંતજીવન આપીને માણસની સાથે સદાકાળ રહેવાનો હતો."

"ઈશ્વર આપણા પર એટલો બધો પ્રેમ રાખે છે કે યોગ્ય સમયે તેમણે પોતાના દીકરાને તારનાર થવા માટે જગતમાં મોકલી આપ્યો."

"ઈસુ ઈશ્વરના પુત્ર હતા. એક કુંવારી મારફતે તેમણે આ જગતમાં જન્મ લીધો. ઈસુ એક સંપૂર્ણ જીવન જીવ્યા હતા. તેમણે ક્યારેય કોઈ પાપ કર્યું ન હતું. ઈસુએ લોકોને ઈશ્વર સંબંધી ઉપદેશ કર્યો. તેમણે પોતાનું મહાન સામર્થ્ય પ્રગટ કરીને ઘણાબધા ચમત્કારો કર્યા. તેમણે ઘણાબધા અશુધ્ધ આત્માઓને દૂર કર્યા. તેમણે ઘણાબધા લોકોને સાજાં કર્યા. તેમણે આંધળાઓને દેખતા કર્યા. તેમણે બહેરાઓને સાંભળતા કર્યા. તેમણે અપંગોને ચાલતા કર્યા. ઈસુએ મૃત્યુ પામેલાઓને સજીવન પણ કર્યા."

"ઘણા ધાર્મિક આગેવાનો ઈસુથી ગભરાઈ ગયા હતા અને તેઓ ઈસુની ઈર્ષ્યા રાખતા હતા. તેઓ તેમને મારી નાખવા માગતા હતા. તેમણે ક્યારેય પાપ કર્યું ન હોવાને લીધે ઈસુએ મૃત્યુ પામવાની જરૂર ન હતી. પરંતુ તેમણે આપણા બધાને ખાતર બલિદાન સ્વરૂપે મૃત્યુ પામવાનું પસંદ કર્યું હતું. તેમનાં પીડાદાયક મૃત્યુએ માનવજાતનાં બધાં જ પાપોને ભૂંસી નાખ્યાં. આ ઘટના પછી ઈસુને એક કબરમાં દાટવામાં આવ્યા."

"ઈસુએ આપેલા બલિદાનનો ઈશ્વરે સ્વીકાર કર્યો. ઈશ્વરે ત્રીજા દિવસે ઈસુને મૂએલાંમાંથી ઉઠાડીને તેમણે કરેલા સ્વીકારને પ્રગટ કર્યો."

જો આપણે આપણાં હૃદયોમાં એવો વિશ્વાસ કરીએ છીએ કે ઈશ્વરે જ ઈસુને મૂએલામાંથી ઉઠાડ્યા હતા અને આપણે તેમનો આપણા પ્રભુ તરીકે – આપણા શાસનકર્તા અને રાજા તરીકે – સ્વીકાર કરીએ છીએ, તો આપણે તારણ પામીશું. વિશ્વાસીઓ તરીકે આપણે આપણી પાપી જીવનશૈલીનો ત્યાગ કરીને ઈસુના નામમાં બાપ્તિસ્મા પામીએ, પાણીમાં દટાઈએ એટલે કે આપણાં જૂનાં જીવનો પ્રત્યે મૃત્યુ પામીએ, અને જે રીતે ઈસુ મૂએલાંમાંથી પાછા ઊઠ્યા હતા તે રીતે પાણીમાંથી બહાર આવીએ અને ઈસુની પાછળ ચાલીને એક નવું જીવન જીવીએ. ઈશ્વર આપણાં સર્વ પાપોની માફી આપે છે અને આપણી મધ્યે રહેવા માટે તેમના પવિત્ર આત્માને મોકલી આપે છે કે જેને પરિણામે

આપણે ઈશ્વરની પાછળ ચાલી શકીએ અને ફરીથી તેમના કુટુંબના સભ્ય બનીએ.

"ઈસુ જ્યારે મૂએલાંમાંથી પાછા ઊઠ્યા ત્યારે તેમણે આ પૃથ્વી પર ૪૦ દિવસ વીતાવ્યા. ઈસુએ તેમના અનુયાયીઓને દરેક જગ્યાએ જઈને દુનિયાભરમાં રહેનાર દરેક વ્યક્તિને તેમની મારફતે પ્રાપ્ત થતા તારણ વિષેના શુભ સમાચાર જણાવવા માટે કહ્યું."

"ઈસુએ કહ્યું - તમે જઈને સર્વ દેશનાઓને શિષ્ય કરો;બાપ તથા દીકરા તથા પવિત્ર આત્માને નામે તેઓને બાપ્તિસ્મા આપતા જાઓ; મેં તમને જે જે આજ્ઞા કરી, તે સર્વ પાળવાનું તેઓને શીખવતા જાઓ; અને જુઓ, જગતના અંત સુધી હું સર્વકાળ તમારી સાથે છું." અને તેઓની આંખોની સામે જ ઈસુને આકાશમાં ઊંચકી લેવામાં આવ્યા હતા.

"ઈસુ જે રીતે સ્વર્ગમાં પાછા ગયા હતા, એવી રીતે જ તે એક દિવસ ફરીથી પાછા આવશે. જે લોકોએ તેમના પ્રત્યે પ્રેમ રાખ્યો ન હતો અને તેમને આધીન થયા ન હતા, એ સર્વ લોકોને તે અનંતકાલિક શિક્ષા કરશે. તેમના પર પ્રેમ રાખીને તેમને આધીન રહેનાર સર્વ લોકોનો તે સ્વીકાર કરશે અને તેઓને અનંતકાલિક બદલો આપશે. આપણે એક નવા આકાશમાં અને એક નવી પૃથ્વી પર સદાકાળ તેમની સાથે રહીશું."

"મારાં પાપો માટે ઈસુએ આપેલા બલિદાન પર મેં વિશ્વાસ કર્યો છે અને તેનો હું સ્વીકાર કરું છું. તેમણે મને શુધ્ધ કર્યો છે અને ઈશ્વરના કુટુંબના એક સભ્ય તરીકે તેમણે મને પુનઃ સ્થાપિત કર્યો છે. તે મારા પર પ્રેમ રાખે છે, અને હું તેમના પર પ્રેમ રાખું છું અને તેમના રાજ્યમાં હું સદાકાળ તેમની સાથે રહીશ."

"ઈશ્વર તમારા પર પ્રેમ રાખે છે, વળી તે ઈચ્છે છે કે તમે પણ આ ભેટ પ્રાપ્ત કરો. શું તમે અત્યારે જ એ પ્રમાણે કરવા માટે તૈયાર છો ?"

**પ્રવૃત્તિ** (૪૫ મિનિટ) - બે કે ત્રણનાં જૂથો બનાવીને હવે પછીની ૪૫ મિનિટ ઈશ્વર વિષેની વાર્તા કહેવામાં વીતાવો. ૧૦૦ વ્યક્તિઓની બનાવેલી યાદીમાંથી તમે જેઓએ "અવિશ્વાસી" કે "અજાણ્યા" તરીકે ઓળખાવ્યા હોય એવી પાંચ વ્યક્તિઓની તમે પસંદગી કરો. કોઈકને એ પાંચ વ્યક્તિઓમાંની કોઈએકનું રૂપ ધારણ કરવા માટે કહો અને તેઓને ઈશ્વર વિષેની વાર્તા કહેવાનો એવી રીતે મહાવરો કરવાનું જણાવો કે તમને એ વ્યક્તિ જાણે કે તે પોતે જ હોય એવું લાગે.

તમે સર્જન થી ન્યાયશાસનને લગતી વાર્તાનો ઉપયોગ કરી શકો છો અથવા તો કોઈક રીતે તમને એવું લાગે કે તમે જે કંઈ કહી રહ્યા છો, તે યોગ્ય લાગે. મહાવરો કરી રહ્યા પછીથી અટકી જાઓ. પાંચ વ્યક્તિઓની તેઓની યાદીમાંથી કોઈક બીજાને રૂપ ધારણ કરવા દો. એ પૂરું થઈ જાય એ પછીથી, તમે ઈશ્વર વિષેની વાત કરવા માટે તૈયાર થઈ જશો.

## બાપ્તિસ્મા

ઈસુએ કહ્યું, - તમે જઈને સર્વ દેશનાઓને શિષ્ય કરો, બાપ તથા દીકરા તથા પવિત્ર આત્માના નામે તેઓને

બાપ્તિસ્મા આપતા જાઓ....

બાપ્તિસ્મા - અથવા મૂળભુત ગ્રીક ભાષામાં 'બેપ્ટીઝો' શબ્દ - એટલે ડૂબકી મારવી કે ડુબાડવું - જેમ તમે એક કપડાને ડાઈ કરો છો ત્યારે એ કપડું રંગ શોષી લઈને નવું સ્વરૂપ ધારણ કરે છે તેમ.

બાપ્તિસ્મા તો આપણા નવા જીવનનું એક ચિત્ર છે, જે ઈસુના સ્વરૂપમાં તરબોળ થઈને ઈશ્વરની આધીનતામાં રૂપાંતર પામે છે. જે રીતે ઈસુ આપણાં પાપોને સારૂ મૃત્યુ પામ્યા; એ રીતે પાપમાં આપણું મૃત્યુ પામવું, જે રીતે ઈસુને દફનાવવામાં આવ્યા હતા, તે રીતે જીવન જીવવાની આપણી જૂની શૈલીને દફનાવી દેવી; જે રીતે ઈસુ પુનરૂત્થાન પામ્યા હતા અને આજે જીવંત છે, એ રીતે નવો જન્મ પામીને ખ્રિસ્તમાં નવું જીવન પ્રાપ્ત કરવાનું એ એક ચિત્ર છે.

જો તમે ક્યારેય કોઈક વ્યક્તિને બાપ્તિસ્મા આપ્યું નથી, તો એ કદાચ ડરામણી બાબત હોઈ શકે, પરંતુ એમ હોવું ન જાઈએ. અહીં કેટલાંક સીધાંસાદાં પગથિયાં આપવામાં આવ્યાં છે:

૧. નવા વિશ્વાસીને ડૂબકી આપી શકાય એવું થોડુંક સ્થિર પાણી શોધી કાઢો. એ કદાચ એક તલાવડી, નદી, સરોવર કે દરિયો હોઈ શકે. એ નહાવા માટેનું ટબ કે પાણી ભરવા માટેનું બીજું એક પાત્ર પણ હોઈ શકે છે.

૨. શિષ્યને તમારા હાથોમાંના એક હાથને તેના હાથ વડે પકડવા દો અને તેને તમારા બીજા હાથથી તેની પીઠેથી ટેકો આપો.

૩. તેઓ પોતાનો નિર્ણય બરાબર સમજ્યા છે કે નહિ, એ વાતની ખાતરી કરવા માટે નીચે જણાવ્યા મુજબના બે પ્રશ્નો પૂછો.

> "શું તમે તમારા પ્રભુ અને તારનાર તરીકે ઈસુ ખ્રિસ્તનો સ્વીકાર કર્યો છે ?"
> "શું તમે તમારા બાકી રહેલા જીવન દરમિયાન તમારા રાજા તરીકે તેમને આધીન રહીને તેમની સેવા કરશો?"

૪. જા તેઓ આ બંને પ્રશ્નોના જવાબ "હા"માં આપે, તો આ પ્રમાણે કંઈક કહો:

> "તમે પ્રભુ ઈસુમાં તમારો વિશ્વાસ જાહેર કર્યો છે, તેથી હું પિતા, પુત્ર અને પવિત્ર આત્માના નામમાં અત્યારે તમને બાપ્તિસ્મા આપું છું."

૫. તેઓને પાણીમાં અવનત થવામાં, પૂરેપૂરા ડૂબવામાં અને પાણીમાંથી ફરી પાછા બહાર આવવામાં મદદ કરો.

**અભિનંદન! તમે ઈસુના એક નવા અનુયાયીને** - આકાશના એક નવા નાગરિકને - જીવંત ઈશ્વરના એક નવા બાળકને બાપ્તિસ્મા આપ્યું છે. આ સમય તો આનંદોલ્લાસ કરવાનો છે!

**યાદ રાખવાલાયક એક મહત્ત્વપૂર્ણ બાબત** - સેશન ૪માં તમારું જૂથ પ્રભુભોજનનો સંસ્કાર પાળશે. પ્રભુભોજનની સામગ્રી (રોટલી અને દ્રાક્ષારસ /જ્યુસ) ની વ્યવસ્થા કરવાનું યાદ રાખો.

## વિભાગ-૦૪

આ સેશનમાં, આપણે એ વાત શીખવાના છીએ કે દરેક અનુયાયી માટે ઈશ્વરની યોજના કેવી છે કે જેને પરિણામે તે વૃદ્ધિ પામી શકે ! આપણે એ વાત શોધી કાઢીશું કે કેટલીક વાર સૌથી વધારે વિશ્વાસુ માલૂમ પડેલા અનુયાયીઓ સૌથી ઓછા અજાણ્યા હોય એવાં સ્થળોએથી આવતા હોય છે. અને ઈશ્વરના કુટુંબમાં અન્ય લોકોને આવવા માટેનું આમંત્રણ આપવા માટે આપણે બીજી એક મોટી બાબત વિષે પણ શીખીશું કે જે વાર્તા કહેવા જેટલી સીધીસાદી છે.

### ૩ મિનીટની સાક્ષી

ઈસુએ તેમના અનુયાયીઓને જણાવ્યું કે - આ બધી બાબતોના તમે સાક્ષીઓ છો.

ઈસુના અનુયાયીઓ તરીકે, આપણે તો "સાક્ષીઓ" પણ છીએ – આપણાં જીવનો પર ઈસુએ જે પ્રભાવ પાડ્યો છે, તેના સંબંધી "સાક્ષી પૂરીએ છીએ." દરેક જણ કોઈક ને કોઈક વાત ધરાવે છે. તમારી સાક્ષી સંબંધી વાત કરવી એટલે તમારી જાત સંબંધી કંઈક કહેવા માટેની એક તક.

તમારી વાતને આકાર આપવા માટેની રીતો અનંત છે, પરંતુ અહીં કેટલીક રીતો વિષે વાત કરવામાં આવી છે કે જેને આપણે બહુ સારી રીતે કામ કરતી નિહાળી છે:

- **સીધુંસાદું કથન** - ઈસુની પાછળ ચાલવા માટે તમે શા માટે પસંદ કર્યું, એ સંબંધી તમે એક સીધાસાદા કથન વિષે તમે વાત કરી શકો છો.
- **પહેલાં અને પછી** - તમે તમારી "અગાઉ" અને "પછી" ને લગતી વાત કરી શકો છો. - ઈસુની ઓળખ થઈ, એ પહેલાં તમારું જીવન કેવું હતું અને અત્યારે તમારું જીવન કેવું છે ? સીધુંસાદું અને અસરકારક.
- **સહિત અને રહિત** - તમે તમારી 'સહિત' અને 'રહિત' વિષેની વાત કરી શકો છો - "ઈસુ સાથેનું" તમારું જીવન શેના જેવું છે, અને "તેમના વગર" નું જીવન કેવું હોત.જો તમે જુવાન વયે તેમના પર વિશ્વાસ કર્યો હશે, તો તમારી વાર્તાનું આ દર્શન સારી રીતે કાર્ય કરે છે.

તમે જ્યારે તમારી વાર્તા વિષે વાત કરો છો, ત્યારે એ વાર્તાના ત્રણ ભાગની પ્રક્રિયાના એક ભાગ તરીકે તેનો વિચાર કરવા મદદરૂપ બને છે.

- **તેઓના સંબંધી વાર્તા** - તમે જે વ્યક્તિની સાથે વાત કરી રહ્યા છો, એ વ્યક્તિને તેની આત્મિક મુસાફરી વિષે વાત કરવાનું કહો.
- **તમારા વિષેની વાર્તા** - એ પછી તમારા અનુભવને આધારે ગૂંથાયેલી તમારી સાક્ષી સંબંધી વાત કરો.
- **ઈશ્વર વિષેની વાર્તા** - છેલ્લે ઈશ્વર વિષેની વાર્તા એવી રીતે રજૂ કરો કે જે તમારા દૃષ્ટિકોણ, મૂલ્યો અને અગ્રીમતાઓ સાથે સંકળાયેલી હોય.

તમારી સાક્ષી લાંબી ન હોવી જાઈએ અથવા અસરકારક નીવડે એટલી જ વિગતો વિષે વાત કરો. વાસ્તવમાં તો, તમારી વાર્તા માટે લગભગ ૩ મિનિટનો સમય ફાળવવાથી તમે પ્રશ્નોત્તરી અને સઘન ચર્ચા માટે પૂરતો સમય આપી શકશો.

જો તમે શરૂઆત કેવી રીતે કરવી, એ સંબંધી મૂંઝાઓ છો, તો એ વાર્તાને સીધુંસાદું સ્વરૂપ આપો. જીવનોમાં બદલાણ લાવવા માટે ઈશ્વર તમારી વાર્તાનો ઉપયોગ કરી શકે છે, પરંતુ એક વાત એ યાદ રાખો કે - તમારે જ એ વાર્તા કહેવાની છે.

પ્રવૃત્તિ (૪૫ મિનિટ) - બે કે ત્રણ જણાનાં જૂથોમાં વહેંચાઈ જાઓ અને હવે પછીની ૪૫ મિનિટનો સમયગાળો તમારી સાક્ષી આપવામાં ગાળો. ૧૦૦ વ્યક્તિઓની તમારી યાદીમાંથી ૫ વ્યક્તિઓને પસંદ કરીને તેઓને "અવિશ્વાસી" કે "અજાણ્યા" તરીકે ગણો. કોઈક વ્યક્તિને આ પાંચ વ્યકિતઓમાંની દરેક વ્યક્તિનો વેશ ધારણ કરવા માટે કહો, અને તેને એવી રીતે તમારી સાક્ષી રજૂ કરવા દો કે એ વ્યક્તિ જાણે કે પોતે જ પોતાની સાક્ષી આપતી હોય.

ઉપરોક્ત દર્શાવેલી પધ્ધતિઓમાંથી તમે કોઈપણ પધ્ધતિનો ઉપયોગ કરી શકો છો અથવા તો તમે જે વ્યક્તિની સમક્ષ વાત કરી રહ્યા છો એ વ્યક્તિ માટે બીજી કોઈક રીતે તમે જે માનો છો, તે અવશ્ય ફળદાયી બની રહેશે. મહાવરો કર્યા પછીથી તમે બંધ કરી દો. તમારી યાદીમાંની પાંચ વ્યક્તિઓમાંથી કોઈક એક વ્યક્તિ હોવાનો ડોળ કરો. તમે તમારું કામ પૂરું કરી રહો ત્યાં સુધીમાં તો, લગભગ ૩ મિનિટ કે તેનાથી ઓછા સમયમાં તમારી સાક્ષી રજૂ કરવા માટે તમારે તૈયાર રહેવું પડશે.

## પ્રભુભોજન

**ઈસુએ કહ્યું** – જીવનની રોટલી હું છું, જે આકાશમાંથી આવી છે. જે કોઈ આ રોટલી ખાદ્ય છે તે સદાકાળ જીવશે. આ રોટલી તો મારું શરીર છે, જે હું આપીશ કે જગતને જીવન આપશે.

પવિત્ર સંસ્કાર અથવા "પ્રભુભોજન" તો ઈસુ સાથેના આપણા ગાઢ જાડાણ અને આગળ વધતા સંબંધની ઉજવણી કરવાની એક રીત છે. તેની ઉજવણી કરવાની એક સીધીસાદી રીત અહીં આપવામાં આવી છે.

તમે જ્યારે ઈસુના અનુયાયીઓ તરીકે એકઠા મળો છો, ત્યારે શાંતિથી યાદ કરીને તમારાં પાપોની કબૂલાત કરીને શાંત મનન કરવામાં સમય ગાળો. તમે જ્યારે તૈયાર છો, ત્યારે કોઈ એક જણને પવિત્રશાસ્ત્રમાંથી નીચેનો શાસ્ત્રભાગ વાંચવા માટે જણાવો.

> "કેમ કે પ્રભુ તરફથી જે મને મળ્યું છે તે મેં તમને પણ સોંપી દીધું, એટલે જે રાતે પ્રભુ ઈસુને પરસ્વાધીન કરવામાં આવ્યો, તે રાતે તેણે રોટલી લીધી; અને સ્તુતિ કરીને ભાંગી, અને કહ્યું કે, "એ મારું શરીર છે, એને તમારે સારૂ ભાંગવામાં આવ્યું છે, મારી યાદગીરીને સારૂ એ કરો."
>
> ૧ કરિંથી ૧૧:૨૩-૨૪

તમારા જૂથ માટે અલગ રાખેલી રોટલી વહેંચો, અને ખાઓ. વાંચન ચાલુ રાખો –

> એ જ પ્રમાણે ભોજન કર્યા પછી તેણે પ્યાલો લીધો, અને કહ્યું કે "આ પ્યાલો મારા રક્તમાં નવો કરાર છે, તમે જેટલી વાર એમાંનું પીઓ છો, તેટલી વાર મારી યાદગીરીને સારૂ તે કરો."
>
> ૧ કરિંથી ૧૧:૨૫

તમારા જૂથ માટે અલગ રાખેલો દ્રાક્ષારસ વહેંચો અને પીઓ. વાંચન પૂરું કરો –

> "કેમ કે જેટલી વાર તમે આ રોટલી ખાઓ છો, અને આ પ્યાલો પીઓ છો તેટલી વાર તમે પ્રભુના આવતાં સુધી તેનું મરણ પ્રગટ કરો છો."
>
> ૧ કરિંથી ૧૧:૨૬

પ્રાર્થના અથવા ગીત ગાઈને એ વિધિ પાળો. તમે પ્રભુભોજનમાં સહભાગી બન્યા છો. તમે ખ્રિસ્તના છો, અને ખ્રિસ્ત તમારો છે!

**પ્રવૃત્તિ** (૧૦ મિનિટ) - તમારા જૂથની સાથે મળીને પ્રભુભોજનની વિધિ પાળવામાં હવે પછીની ૧૦ મિનિટ વીતાવો.

# વિભાગ-૦૫

આ સેશનમાં, આપણે એક બાબત એ શીખીશું કે પ્રાર્થના યાત્રા કેવી રીતે ઈસુને ખાતર એક પાડોશીને તૈયાર કરવા માટેનો એક અસરકારક માર્ગ છે, અને આપણે પ્રાર્થના કરવા માટેની એક સીધીસાદી, પરંતુ અસરકારક રીત શીખીશું કે જે આપણને માર્ગમાં આવનાર નવા શિષ્યોને મળવામાં મદદરૂપ થાય.

## ચાલતા - ચાલતા પ્રાર્થના

ઈશ્વરનું વચન જણાવે છે કે આપણે સર્વ લોકો માટે, રાજાઓ તથા અધિકારીઓ માટે વિનંતી કરવી જાઈએ, પ્રાર્થના કરવી જાઈએ, મધ્યસ્થી કરવી જાઈએ અને આભારસ્તુતિ કરવી જાઈએ – કે જેથી કરીને આપણે સર્વ ભલાઈ અને પવિત્રતામાં શાંતિમય જીવન જીવી શકીએ. આ બાબત સારી છે અને તેનાથી ઈશ્વર એટલે કે આપણા તારનાર પ્રસન્ન થાય છે, કે જે એવું ઈચ્છે છે કે સર્વ લોકો તારણ પામે અને આ સત્યના અનુભવમાં આવે.

અન્ય લોકો માટે પ્રાર્થના કરવા સંબંધીની ઈશ્વરની આજ્ઞાને આધીન થવાની એક સીધીસાદી રીત એટલે પ્રાર્થનાયાત્રા. અને એ બાબત તો આના જેવી લાગે છે – આજુબાજુ ચાલતી વખતે પ્રાર્થના કરીએ.

આપણી આંખો બંધ કરવાને બદલે તથા આપણાં મસ્તકો નમાવવાને બદલે, આપણે આપણી આસપાસની જરૂરિયાતો તરફ આપણી આંખો ખુલ્લી રાખીએ અને આપણાં હૃદયો નમાવીને નમ્રતાપૂર્વક ઈશ્વરને વિનંતી કરીએ કે તે મધ્યસ્થી કરે.

તમે બે કે ત્રણ વ્યક્તિઓનાં નાનાં જૂથો બનાવીને પ્રાર્થનાયાત્રા શરૂ કરી શકો છો અથવા તો તમે તમારી જાતે જ એકલા એકલા પ્રાર્થનાયાત્રા કરી શકો છો.

જો તમે એક જૂથ સ્વરૂપે જાઓ છો તો – એવો પ્રયત્ન કરો કે દરેક જણ મોટા અવાજે પ્રાર્થના કરે, દરેક જણ જે કંઈ જાઈ રહ્યું હોય છે એ સંબંધી ઈશ્વરની સાથે વાતચીત કરે અને ઈશ્વર તેઓનાં હૃદયોમાં જે કંઈ પ્રેરણા કરે, તે સંબંધી જણાવે. જા તમે એકલા એકલા જ જાઓ છો તો – તમે એકલા હો ત્યારે શાંતિથી કોઈને સંભળાય નહિ એ રીતે પ્રાર્થના કરવાનો પ્રયત્ન કરો અને તમારી સાથે કોઈ જાડાયું હોય, તો આખા રસ્તે સંભળાય એ રીતે મોટે અવાજે પ્રાર્થના કરો.

તમારી પ્રાર્થનાયાત્રા દરમિયાન તમે કઈ બાબતો માટે પ્રાર્થના કરી શકો તેમ છો, એ જાણવા માટેની ચાર રીતો અહીં આપવામાં આવી છે:

**અવલોકન** – તમે શું જુઓ છો ? જા તમે વાડામાં બાળકનું એક રમકડું જુઓ છો, તો તમને પાડોશમાં રહેનારાં બાળકો માટે, કુટુંબો માટે કે એ વિસ્તારની શાળાઓ માટે પ્રાર્થના કરવાનું ઉત્તેજન મળી શકે છે.

**સંશોધન** – તમે શું જાણો છો ? જા તમે પાડોશ સંબંધી કંઈક વાંચ્યું હોય, તો ત્યાં રહેનારા લોકો સંબંધી તમે કંઈક જાણી શકો છો, અથવા તો, એ વિસ્તાર ગુનાખોરી કે અન્યાયીપણાથી પીડાય છે કે નહિ એ બાબતની તમને ખબર પડે છે. આ બાબતો માટે પ્રાર્થના કરો અને ઈશ્વરને કાર્ય કરવા માટે વિનંતી કરો.

**પ્રકટીકરણ** – પવિત્ર આત્મા તમારા હૃદયને કદાચ ઢંઢોળી નાખે અને તમારા મનમાં ચોક્કસ જરૂરિયાત કે પ્રાર્થના વિનંતીનો વિચાર લાવે. ધ્યાનથી સાંભળો અને પ્રાર્થના કરો !

**પવિત્રશાસ્ત્ર** – તમારી યાત્રાની તૈયારી માટે તમે કદાચ ઈશ્વરનાં વચનોમાંથી કોઈક શાસ્ત્રભાગ વાંચ્યો હશે અથવા તો, તમે જ્યારે ચાલો છો ત્યારે પવિત્ર આત્મા તમારા મનમાં પવિત્રશાસ્ત્રની કોઈક કલમ લાવી શકે છે. એ શાસ્ત્રભાગ સંબંધી પ્રાર્થના કરો અને એ વિસ્તારના લોકો એ કલમોથી કેવી રીતે પ્રભાવિત થઈ શકે, એ માટે પ્રાર્થના કરો.

**સરકાર** – અદાલતો, કાયદાપાલન સંલગ્ન કચેરીઓ જેવાં સરકારી કેન્દ્રો શોધી કાઢો અને તેઓના માટે પ્રાર્થના કરો. તે વિસ્તારની સુરક્ષા માટે, ન્યાયપ્રક્રિયા માટે તથા એ વિસ્તારના આગેવાનો ન્યાયી વલણ અપનાવે, એ માટે પ્રાર્થના કરો.

**ધંધા–રોજગાર** – બજારો કે ખરીદી વિસ્તારો જેવાં વ્યવસાયિક કેન્દ્રો શોધી કાઢો અને તેઓને માટે પ્રાર્થના કરો. યોગ્ય રોકાણ અને સ્રોતોના યોગ્ય વહીવટ માટે પ્રાર્થના કરો. આર્થિક ન્યાય, ધંધા રોજગાર માટેની તકો, તથા પોતાના નફાને બદલે લોકોનું કલ્યાણ ઈચ્છનાર ઉદાર અને પ્રામાણિક રોકાણકારો માટે પ્રાર્થના કરો.

**શિક્ષણ** – શાળાઓ અને વહીવટી ઓફિસો, વ્યવસાયિક તાલીમ કેન્દ્રો, કોલેજો અને વિશ્વવિદ્યાલયો (યુનિવર્સિટીઓ) જેવી શૈક્ષણિક સંસ્થાઓની માહિતી ભેગી કરો અને તેઓને માટે પ્રાર્થના કરો. ઈશ્વર વિષેનું સત્ય શીખવીને પોતાના વિદ્યાર્થીઓનાં મનોને સુરક્ષિત રાખનાર સારા કેળવણીકારો માટે પ્રાર્થના કરો. ખાસ પ્રાર્થના કરશો કે જૂઠાણાં કે ગૂંચવાડાને પ્રોત્સાહિત કરવાના દરેક પ્રયાસમાં ઈશ્વર હસ્તક્ષેપ કરે. પ્રાર્થના કરો કે આ સ્થળો સેવા કરનાર તથા દોરવણી આપનાર હૃદય ધરાવનાર શાણા નાગરિકો મોકલી આપે.

**સંદેશાવ્યવહાર** – રેડિયો સ્ટેશન, ટીવી સ્ટેશન અને સમાચારપત્ર પ્રકાશકો જેવા સંદેશાવ્યવહારનાં કેન્દ્રો શોધી કાઢો અને તેઓને માટે પ્રાર્થના કરો. ઈશ્વર વિષેની વાત અને ઈશ્વરના અનુયાયીઓની સાક્ષી આખા શહેર અને દુનિયાભરમાં પ્રસરી જાય, એ માટે પ્રાર્થના કરો. પ્રાર્થના કરશો કે ઈશ્વરનો સંદેશ તેમના માધ્યમ મારફતે તેમના લોકો સુધી પહોંચી જાય અને ઈશ્વરના દરેક જગ્યાના લોકો ઈશ્વરનું કાર્ય જાઈ શકે.

**આત્મિકપણું** - પ્રભુમંદિરો, મસ્જિદો અથવા મંદિરો જેવાં આત્મિક કેન્દ્રો શોધી કાઢો અને તેઓને માટે પ્રાર્થના કરો. પ્રાર્થના કરશો કે દરેક આત્મિક શોધકમિત્ર ઈસુમાં શાંતિ અને કલ્યાણ પ્રાપ્ત કરે અને કોઈ ખોટા ધર્મ મારફતે અવળે માર્ગે ફંટાઈ ન જાય કે ગૂંચવાડામાં ન પડે.

**પ્રવૃત્તિ (૬૦-૯૦ મિનિટ)** – બે કે ત્રણ જણાનાં જૂથો બનાવીને પ્રાર્થનાયાત્રાનો મહાવરો કરવા માટે લોકો મધ્યે પહોંચી જાઓ. સ્થળની પસંદગી કરવાની બાબત તમારા ચાલુ સેશનમાંથી બહાર નીકળવાની બાબત જેટલી અથવા તો પ્રાર્થના કરીને સ્થળ નક્કી કરવાની બાબત જેટલી જ સરળ બની શકે છે. ઈશ્વર જે પ્રમાણે દોરે તેમ જાઓ, અને આ પ્રવૃત્તિ કરવા માટે ૬૦-૯૦ મિનિટનો સમય ગાળવા માટેનું આયોજન કરો.

**નોંધ**: ખાતરી કરો કે તમે જાઓ તે પહેલા નીચે બ્લેસ પ્રાર્થનાને શીખો અને તેનો અભ્યાસ કરો.

## B.L.E.S.S. બ્લેસ પ્રાર્થના

અંતે, ચાલતાં-ચાલતાં પ્રાર્થના કરતી વખતે તમે જે લોકોને મળો તેમના માટે પ્રાર્થના કરવાની પાંચ રીતો આ પ્રમાણે છે:

ચાલતાં-ચાલતાં પ્રાર્થના કરતી વખતે તકો માટે જાગૃત રહો અને લોકોને માટે વ્યક્તિગત કે જૂથમાં પ્રાર્થના કરવા માટે પ્રભુના આત્માની દોરવણી સાંભળવા સજાગ રહો. તમે એમ કહી શકો કે, ''અમે આ સમાજને માટે પ્રાર્થના કરીએ છીએ, તેમના માટે એવી કોઈ ખાસ બાબત છે તેના વિશે અમે પ્રાર્થના કરી શકીએ?'' અથવા એમ કહો કે, ''હું આ વિસ્તારને માટે પ્રાર્થના કરું છું. આ વિસ્તાર માટે એવી કોઈ બાબત તમારા ધ્યાનમાં છે જેના વિશે અમે પ્રાર્થના કરી શકીએ?'' તેમના પ્રત્યુત્તરો સાંભળીને તેમની વ્યક્તિગત જરૂરિયાતો વિશે પૂછી શકો. જો તેઓ તમને જણાવે તો તે જ સમયે પ્રાર્થના કરાવો. જો પ્રભુ તમને દોરે તો બીજી જરૂરિયાતો માટે પણ પ્રાર્થના કરી શકો છો.

પ્રાર્થના કરવાની પાંચ જુદી જુદી રીતોને યાદ રાખવામાં તમને મદદરૂપ થવા માટે B.L.E.S.S. શબ્દનો ઉપયોગ કરો

- Body (શરીર) (તંદુરસ્તી)
- Labor (શ્રમ) (વ્યવસાય અને નાણાં)
- Emotional (સંવેદના) (લાગણીશીલ)
- Social (સામાજીક સંબંધો)
- Spiritual (ઈશ્વરને વધારે નિકટથી ઓળખવા અને તેમના પર પ્રેમ રાખવો)

મોટાભાગના કિસ્સાઓમાં, જા તમે પ્રાર્થના કરવા માટે સમય ફાળવો, તો લોકો આભાર વ્યક્ત કરતા હોય છે.

જો વ્યક્તિ ખ્રિસ્તી ન હોય, તો તમારી પ્રાર્થના આત્મિક બદલાણ માટેનું દ્વાર ખોલી શકે છે અને તમારી વાત તથા ઈશ્વર વિષેની વાત કરવા માટેની એક તક ઊભી થઈ શકે છે. તમે તેઓને બાઈબલ અભ્યાસમાં ભાગ લેવા માટે અથવા તો તેઓના ઘરમાં જ એ અભ્યાસનું આયોજન કરવા માટેની તક આપી શકો છો.

જો વ્યક્તિ ખ્રિસ્તી હોય, તો તમે તેઓને તમારી પ્રાર્થનાયાત્રામાં જાડાવા માટેનું આમંત્રણ આપી શકો છો અથવા તો તેઓને પ્રાર્થનાયાત્રા યોજવા માટેની તાલીમ આપી શકો છો અને સંવેદનશીલ વિસ્તારો માટે પ્રાર્થના કરવા જેવા સીધાંસાદાં પગલાંનો ઉપયોગ કરવાની તાલીમ આપી શકો છો અથવા એ રીતે BLESS PRAYER ઈશ્વરના કુટુંબ તરીકે વિશેષ પ્રમાણમાં વૃદ્ધિ પામી શકે છે.

**પ્રવૃત્તિ** (૧૫ મિનિટ) – બે કે ત્રણના જૂથમાં વહેંચાઈ જાઓ અને B.L.E.S.S. PRAYER નો મહાવરો કરવા માટે ૧૫ મિનિટના સમયનો ઉપયોગ કરો. કોઈક વ્યક્તિ માટે B.L.E.S.S. PRAYER ના પાંચ ક્ષેત્રો માટે પ્રાર્થના કરવાનો મહાવરો કરો અને અન્ય લોકોને BLESS PRAYER નો અર્થ સમજવાની તથા તેનો ઉપયોગ કરવાની તાલીમ તમે કેવી રીતે આપશો, તેનો પણ મહાવરો કરો.

## વિભાગ-૦૬

આ સેશનમાં, આપણે એ બાબત શીખવાના છીએ કે ઈશ્વર વિશ્વાસુ અનુયાયીઓનો – ભલે તેઓ સાવ નવેનવા હોય – આધીન ન રહેનારા વર્ષો જૂના જ્ઞાનીઓ અને તાલીમ પામેલા અનુયાયીઓ કરતાં પણ વિશેષ ઉપયોગ કરતા હોય છે. અને આપણે સૌ પ્રથમ તો, બે બાબત પર દૃષ્ટિ કરીશું કે એકઠા મળવાથી શિષ્યોની સંખ્યામાં વધારે ઝડપથી ઉમેરો થતો હોય છે.

### ૩/૩ ગ્રુપ ચર્ચા

**ઈસુએ કહ્યું,** – "જ્યાં મારા નામે બે કે ત્રણ એકઠા મળશે, તેઓની મધ્યે હું હોઈશ."

એ એક અસરકારક ખાતરી છે, અને ઈસુના દરેક અનુયાયીએ એ ખાતરીનો લાભ લેવો જાઈએ. પરંતુ તમે જ્યારે એક જૂથ સ્વરૂપે એકઠા મળો છો, ત્યારે તમારે કેવી રીતે તમારો સમય પસાર કરવો જાઈએ ?

૩/૩ જૂથ એક એવું જૂથ છે કે જે સાથે મળીને પોતાનો સમય ૩ ભાગમાં વહેંચી દે છે, જેથી કરીને તેઓ ઈસુએ ફરમાવેલી આજ્ઞાઓ સ્વરૂપની સૌથી વધારે મહત્ત્વપૂર્ણ બાબતોમાંની કેટલીક બાબતોને આધીન થઈને અમલમાં મૂકી શકે.

એ કેવી રીતે કાર્ય કરે છે, તે અહીં દર્શાવવામાં આવ્યું છેઃ

**પાછળ તરફ દૃષ્ટિ કરો** (તમારા સમયનો ૧/૩ ભાગ)

**સંભાળ અને પ્રાર્થના**: સમય ફાળવીને દરેક વ્યક્તિને તક આપો કે તે કોઈક બાબત માટે આભાર માની શકે. એ પછીથી દરેક વ્યક્તિ પોતે જે સમસ્યાનો સામનો કરી રહી હોય, એ વિષે વાત કરે. તેઓને જે કંઈ કહ્યું હોય એ સંબંધી પ્રાર્થના કરાવવા માટે કોઈક વ્યક્તિને જણાવો કે જો કોઈ વ્યક્તિ એવી કોઈ બાબત સંબંધી સંઘર્ષ કરતી હોય જેમાં વધારે ધ્યાન આપવાની જરૂર હોય, તો એ વ્યક્તિની સંભાળ લેવા માટે થોડોક વધારે સમય આપો.

**દર્શન**: સાથે મળીને ગીતો ગાવામાં સમય વીતાવો અને ઈશ્વર પર પ્રેમ રાખવા સંબંધીનાં, અન્ય લોકો પર પ્રેમ રાખવા સંબંધીનાં ગીતો અને સ્તોત્રો ગાઓ, અન્ય લોકો સમક્ષ ઈસુ વિષેની વાત કરો, નવાં જૂથો શરૂ કરો અને અન્ય લોકોને મદદરૂપ થાઓ. એકાદ બે ગીતો ગાયા પછી વચ્ચે વચ્ચે જે તે વિષયોને લગતા શાસ્ત્રભાગોનું વાંચન કરો.

**હાજરી પૂરો**: દરેક વ્યક્તિને ગયા અઠવાડિયે પોતે લખેલી નોંધમાંથી તેઓએ કરેલા નિર્ણયોને તેઓ કેવી રીતે વળગી રહ્યા હતા, એ વિષે વાત કરવાની તક આપો.

૧. તમે જે કંઈ શીખ્યા હતા, તેને તમે કેવી રીતે આધીન રહ્યા છો ?
૨. તમે જે શીખ્યા છો, એમાં તમે કોને તાલીમ આપી છે ?

૩. તમે કોની સમક્ષ તમારા વિષેની વાત કે ઈશ્વર વિષેની વાત કરી છે?

જો તેઓ પોતાના નિર્ણય પ્રમાણે ચાલવાનું ભૂલી ગયા હોય, અથવા એ પ્રમાણે કરવાની તક તેઓને પ્રાપ્ત થઈ ન હોય, તો અગાઉના અઠવાડિયાના એ નિર્ણયો આ અઠવાડિયાના નિર્ણયોમાં ઉમેરી દેવા જાઈએ. જા કોઈ વ્યક્તિ ઈશ્વર તરફથી સ્પષ્ટપણે સૂચવેલ કોઈક બાબતને આધીન થવાનો ધરાર ઈનકાર કરતી હોય, તો એ બાબતને મંડળીના નિયમના ભંગ તરીકે ગણો.

ઉપર તરફ દૃષ્ટિ કરો (તમારા સમયનો ૧/૩ ભાગ)

પ્રાર્થના કરો : ઈશ્વરની સાથે સીધેસીધી ટૂંકાણમાં વાત કરો. તમને આ શા†ભાગ શીખવવા માટે ઈશ્વરને વિનંતી કરો.

વાંચો અને ચર્ચા કરો: આ અઠવાડિયાનો શાસ્ત્રભાગ વાંચો. નીચેના પ્રશ્નોની ચર્ચા કરો:

૧. આ શાસ્ત્રભાગ સંબંધીની કઈ બાબત તમને ગમી ?
૨. આ શાસ્ત્રભાગ સંબંધીની કઈ બાબત તમને પડકારદાયક અથવા સમજવામાં અઘરી લાગી?

આ અઠવાડિયાનો શાસ્ત્રભાગ ફરીથી વાંચી જાઓ.

૩. આ શાસ્ત્રભાગ પરથી આપણે લોકો સંબંધી શું શીખી શકીએ છીએ ?
૪. આ શાસ્ત્રભાગ પરથી આપણે ઈશ્વર સંબંધી શું શીખી શકીએ છીએ ?

**તરફ દૃષ્ટિ કરો** (તમારા સમયનો ૧/૩ ભાગ)

આધીન થાઓ, તાલીમ આપો, વાત કરો : શાંત પ્રાર્થના કરવામાં કમસે કમ પાંચ મિનિટનો સમય વીતાવો. જૂથમાંના દરેક જણને એવી પ્રાર્થના કરવા માટે જણાવો કે પવિત્ર આત્મા તેઓને આ પ્રશ્નોના જવાબ કેવી રીતે આપવા એ વિષે અને એ પછી નિર્ણયો લેવા માટે દોરવણી પૂરી પાડે. દરેક વ્યક્તિને નિર્ણયો લખી લેવા માટે જણાવો કે જેને લીધે તેઓ લોકોને માટે સભાનતાપૂર્વક પ્રાર્થના કરી શકે અને તેઓને જવાબદારી સોંપી શકે. દર અઠવાડિયે રજૂ થતા દરેક પ્રશ્નને લગતી કોઈપણ વાત ન સાંભળો. તેઓએ એક બાબત એ નોંધવી જાઈએ કે જા તેઓ કોઈ પ્રત્યુત્તર સંબંધી વાત કરતા હોય, પરંતુ એ પ્રત્યુત્તર ઈશ્વર તરફથી આવ્યો હોવાની ખાતરી તેઓને ન હોય, તેમ છતાં તેઓ એ બાબતને એક સારો વિચાર ગણી શકે છે, તેનું કારણ એ છે કે એ કિસ્સામાં જવાબદારી જુદા જુદા સ્તરે વહેંચાયેલી હોય છે.

૫. આ શાસ્ત્રભાગનું લાગુકરણ હું કેવી રીતે કરીશ અને તેને હું કેવી રીતે આધીન થઈશ ?
૬. આ શાસ્ત્રભાગ સંબંધી હું કોની સાથે વાત કરીશ અને કોને શીખવીશ ?
૭. મારી વાત (સાક્ષી) હું કોની સમક્ષ રજૂ કરું, અને/અથવા આ અઠવાડિયે હું કોની સમક્ષ ઈશ્વર વિષેની વાત કરું એ સંબંધી ઈશ્વરની ઈચ્છા શું છે ?

**મહાવરો કરો**: પ્રશ્ન ક્રમાંક ૫, ૬ અને ૭માં જે બાબત કરવા માટેનો નિર્ણય તમે કર્યો છે, તેનો બે કે ત્રણ જણના જૂથોમાં મહાવરો કરો. ઉદાહરણ તરીકે, અઘરી વાતચીત કે પરીક્ષણનો સામનો કરવાની બાબતની ભૂમિકા કરો, આજના શા†ભાગને શીખવવા માટેનો મહાવરો કરો અથવા સુવાર્તા વિષે વાત કરવાનો મહાવરો કરો !

**ઈશ્વરની સાથે વાત કરો**: બે કે ત્રણ જણના જૂથોમાં જ, દરેક સભ્ય માટે વ્યક્તિગત પ્રાર્થના કરો. આ અઠવાડિયે ઈસુ વિષેની વાત સાંભળનાર લોકોનાં હૃદયોને તૈયાર કરવા માટે ઈશ્વરને વિનંતી કરો. તમે લીધેલા નિર્ણયોને આધીન રહેવા માટેનું સામર્થ્ય અને ડહાપણ આપણા ઈશ્વરને વિનંતી કરો. અને આ રીતે મિટીંગનું સમાપન કરો.

દરેક જણ પોતાનું કાર્ય પૂરું કરી રહે, એ પછીથી પ્રભુભોજનનો સંસ્કાર પાળો અથવા સાથે મળીને ભોજન કરો.


નોંધ – માર્ગદર્શિકાના પરિશિષ્ટમાં તમારા ૩/૩ જૂથો અભ્યાસ કરી શકે એવા શાસ્ત્રભાગોની કેટલીક સૂચિત શ્રેણી મૂકવામાં આવી છે.

# વિભાગ-૦૭

આ સેશનમાં, આપણે એક એવા તાલીમ ચક્ર સંબંધી શીખીશું કે જે શિષ્યોને એક જગ્યાએથી ઘણી બધી જગ્યાઓએ જઈને મિશનકાર્યને એક ચળવળમાં રૂપાંતર કરવામાં મદદ કરે છે. વળી આપણે ૩/૩ જૂથોના નમૂનાનો પણ મહાવરો કરીશું અને લોકોને તમે જે રીતે મળો છો, એ રીત વૃદ્ધિ પામવામાં તમને કેવી રીતે પ્રભાવિત કરી શકે છે, એ બાબત શીખીશું.

## તાલીમ ચક્ર

પ્રશિક્ષણ ચક્ર એ મોડેલ, સહાય, નિહાળવું અને છોડી દેવું છે. અને તે આના જેવા કાર્ય કરે છે.




**નમૂનો આપો:** મોડેલિંગ એ કોઈ પ્રેક્ટીસ અથવા રૂલનું ઉદાહરણ પૂરું પાડે છે તે પ્રશિક્ષણ ચક્રનો ટૂંકમાં ભાગ છે તે સામાન્ય રીતે ફક્ત એક જ વાર કરવાની જરૂર છે તે ફક્ત જાગૃતિ લાવે છે કે પ્રેક્ટિસ અથવા સાધન અસ્તિત્વમાં છે અને તે જેવું દેખાય છે તેના વિશે સામાન્ય વિચાર આવે છે કોઈને સજ્જ કરવા માટે વારંવાર મોડેલિંગ અસરકારક રીત નથી. તેમને પોતાને કૌશલ્ય અજમાવવાની મંજૂરી આપવાની જરૂર છે.

જ્યારે બાળક કોઈને સાયકલ પર સવાર જૂએ છે ત્યારે તે મોડેલ તબક્કો છે.

**મદદ કરો:** સહાય શીખનાર ને કુશળતાનો અભ્યાસ કરવાની મંજૂરી આપી રહી છે આ મોડેલિંગ ના તબક્કા કરતા

વધુ સમય લે છે તે માર્ગ દર્શકની બાજુએ "હાથ પકડી" રાખવાની જરૂર છે. માર્ગદર્શકને દિગ્દર્શક બનવાની અને શીખનાર ને કોચ કરવામાં સક્રીય ભૂમિકા લેવાની જરૂર છે. આ તબક્કો જ્યાં સુધી શીખનાર સંપૂર્ણ રીતે સક્ષમ ન હોય ત્યાં સુધી ચાલતો નથી. પરંતુ માત્ર ત્યાં સુધી તેઓ કૌશલ્યની મૂળભુત બાબતોને સમજી શકતા નથી. જા આ તબક્કો ખૂબ જ લાંબો ચાલુ રાખ્યો છે તો પછી શીખનાર માર્ગદર્શક પર અવલંબન વિકસાવશે અને ક્યારેય સંપૂર્ણ યોગ્યતા તરફ આગળ વધશે નહીં. સહાયક તબક્કાના અંતને શીખનારા દ્વારા અન્ય માટે મોડેલ બનાવવાનું શરૂ કરવું જાઈએ.

જ્યારે કોઈ માતાપિતા સાયકલ પકડી રાખે છે ત્યારે બાળક પોતાનું સંતુલન રાખવાનું શીખતા હોય છે ત્યારે તે સહાયક તબક્કો છે.

**નિહાળો**: નિહાળો એ લાંબો તબક્કો છે. તેમાં શીખનાર વ્યક્તિ સાથેના પરોક્ષ સંપર્કનો સમાવેશ થાય છે. તે આવડતના દરેક ક્ષેત્રોમાં પૂર્ણ રીતે સક્ષમ બનાવવાનો પ્રયત્ન કરે છે. તે સમયગાળો તો દશગણો અથવા તો પ્રથમ બે તબક્કા ભેગા કરવા જેટલો લાંબો સમયગાળો હોઈ શકે છે. જ્યારે શીખનાર વ્યક્તિ આવડતની વૃદ્ધિ કરે છે ત્યારે તેના શિક્ષક સાથેના સંપર્કની નિયમિતતા ઓછી થાય છે. આ તબક્કામાં શીખનાર વ્યક્તિ ધીમે-ધીમે તેની આવડતના પ્રદર્શનમાં અને પ્રયત્નોમાં વધારે જવાબદારી લે છે. ખાસ કરીને શિષ્યો બનાવતી વખતે જ્યારે શીખનાર વ્યક્તિ ચોથી પેઢીના વ્યક્તિને શિક્ષણ આપવા દ્વારા તેની આવડતનો સફળતાપૂર્વક વિકાસ કરે છે ત્યારે આ તબક્કાના અંતનું ચિહ્ન જોવા મળે છે.

જ્યારે માતા-પિતા પોતાનાં બાળકને સાઈકલ ચલાવતાં જુએ છે અને જાણે છે કે તેમનાં બાળકે કોઈની મદદ વગર સાઈકલ ચલાવવાની પૂરતી આવડત અને જ્ઞાન પ્રાપ્ત કરી લીધું છે, ત્યારે તે નિરીક્ષણ કરવાના તબક્કામાં પ્રવેશે છે.

**છોડી દો**: જ્યારે શીખનાર વ્યક્તિ તેના શિક્ષકનો સહકર્મી બને છે ત્યારે તે જાણે કે સ્નાતક બને છે. જો શીખનાર વ્યક્તિ અને શિક્ષક બંને એક જ માળખામાં કાર્ય કરતા હોય તો સમયાનુસાર સંપર્ક અને સહકર્મી બનીને શિક્ષણ આપવાનું કાર્ય ચાલુ રહી શકે છે.

જ્યારે માતા-પિતા તેમનાં બાળકનું નિરીક્ષણ કર્યા વગર સાઈકલ ચલાવવા માટે છૂટું મૂકે છે ત્યારે તે છૂટાં મૂકવાનો તબક્કો બને છે.

## મહાવરો 3/3 જૂથોના નમૂનાનો

**પ્રવૃત્તિ** (૯૦ મિનિટ) – પૃષ્ઠ ૧૯-૨૦ પરના 3/3 જૂથોના નમૂના વિભાગમાં દર્શાવવામાં આવેલી પદ્ધતિનો ઉપયોગ કરીને 3/3 જૂથોના નમૂનાનો મહાવરો કરવા માટે તમારા આખા જૂથને ૯૦ મિનિટનો સમય આપો.

- પાછળ જુઓ – "વિશ્વાસુપણું" દર્શાવવા માટે ગયા અઠવાડિયાના સેશન પડકારોનો ઉપયોગ કરો.

- ઉપર તરફ દૃષ્ટિ કરો – તમારા જૂથના શાસ્ત્રવાચન તરીકે માર્ક ૫:૧-૨૦નો ઉપયોગ કરો અને પ્રશ્નો ૧-૪ના જવાબ આપો.
- આગળ તરફ દૃષ્ટિ કરો – તમે કેવી રીતે આધીન થશો, તાલીમ લેશો અને બીજાઓની સમક્ષ વાત કરશો, એ બાબતને વિકસાવવા માટે પ્રશ્નો ૫, ૬ અને ૭નો ઉપયોગ કરો.

યાદ રાખો – દરેક વિભાગનો મહાવરો કરવા માટે લગભગ ૩૦ મિનિટનો સમય ફાળવો.

## વિભાગ-૦૪

આ સેશનમાં આપણે આગેવાનીના જૂથો કેવી રીતે શિષ્યોને ટૂંકા ગાળાનું શિક્ષણ આપીને જીવનભરના આગેવાનો બનાવે છે તે વિશે શીખીશું. કેવી રીતે બીજાઓની સેવા કરવી તે આગેવાની આપવાની ઈસુની પદ્ધતિ હતી તે વિશે આપણે શીખીશું. આપણે ફરીથી ૩/૩ વ્યક્તિઓના જૂથમાં તેનો મહાવરો પણ કરીશું.

### આગેવાનીના જૂથો

આગેવાનીના જૂથો તો ૩/૩ વ્યક્તિઓના જૂથો છે જે ફક્ત મર્યાદિત અથવા તો નિર્ધારિત કરેલા સમય પ્રમાણે જ મળે છે (ઝુમ (ZÚME) તાલીમ અભ્યાસક્રમના 9મા સેશન મુજબ). તેનો હેતુ તો આ તાલીમના સમયગાળાના અંતે જૂથના લોકોને બહાર જઈને તેમનાં પોતાના જૂથો સ્થાપિત કરવાનો અથવા આગેવાનીનું બીજું જૂથ સ્થાપિત કરવાનો છે.

આ અભિગમનો ઘણી પરિસ્થિતિમાં ઉપયોગ કરી શકાય. વિચરતી જાતિ, વિદ્યાર્થીઓ વગેરે જેવાં લોકોના વિભાગો માટે તેનો ઉપયોગ કરી શકાય. જો કેટલાંક લોકો ખ્રિસ્તી હોવા છતાં પણ કોઈક કારણને લીધે જૂથ ચલાવી શકતા નથી અથવા તો તેમને તેમના પોતાના જૂથો ચલાવવા માટે તાલીમની જરૂર છે એવાં લોકોને માટે આ અભિગમનો ઉપયોગ કરી શકાય. જો કોઈ પરિસ્થિતિ એવી છે જેમાં ઘણાં લોકો એક જ સમયે વિશ્વાસમાં આવે છે પરંતુ તેમને સૌથી મોટા આશીર્વાદના કે બીજા કોઈ અભિગમ દ્વારા વ્યક્તિગત રીતે શીખવવાનો પૂરતો સમય કે તકો ન હોય ત્યારે પણ આ અભિગમનો ઉપયોગ કરી શકાય છે.

### ૩/૩ જૂથોમાં ફરીથી ભેગા થાવ

**પ્રવૃત્તિ** (૯૦ મિનિટ) – તમારા આખા જૂથને પૃષ્ઠ ૧૯-૨૦ પર આપવામાં આવેલ ૩/૩ જૂથોના નમૂનાના વિભાગમાં દર્શાવેલી પદ્ધતિનો ઉપયોગ કરીને હવે પછીની ૯૦ મિનિટ સુધી ૩/૩ જૂથોના નમૂનાનો મહાવરો કરવા દો.

આ વખતે:

- પાછળ તરફ દૃષ્ટિ કરો – ચોકસાઈ નક્કી કરવા માટે ગયા સેશનના આધીન થાઓ - તાલીમ આપો અને બીજાઓને જણાવો, એ પડકારોનો અરસપરસ ઉપયોગ કરો.
- ઉપર તરફ દૃષ્ટિ કરો – તમારા જૂથના શાસ્ત્રવાંચન અર્થે પ્રે.કૃ. ૨:૪૨-૪૭નો ઉપયોગ કરીને ૧-૪ પ્રશ્નોનો ઉત્તર આપો.
- આગળ તરફ દૃષ્ટિ કરો – તમે આધીન થવા, તાલીમ આપવા તથા બીજાઓને જણાવવા સંબંધીની બાબતને કેવી રીતે વિકસાવશો, એ માટે પ્રશ્નો ૫, ૬ અને ૭નો ઉપયોગ કરો.

આખા સેશન દરમિયાન જૂથમાં વારાફરતી આગેવાની સોંપો કે જેને કારણે દરેક જણને આગેવાની કરવાની, પ્રાર્થના કરાવવાની, અથવા પ્રશ્નો પૂછવાની તક મળી રહે. જે કોઈ પ્રવૃત્તિ આગળ વધી રહી છે, તેનો થોડો વધારે મહાવરો કરવાથી વધારે સારાં પરિણામો લાવી શકાય અને હવે પછી એક વધારે સારું પગલું લઈ શકાય કે જેની મારફતે જૂથમાંનો દરેક સભ્ય વધારે પ્રમાણમાં વૃદ્ધિ પામી શકે, એ હેતુથી એકબીજાને ઉત્તેજન અને પ્રશિક્ષણ આપો.

યાદ રાખો – દરેક વિભાગનો મહાવરો કરવા માટે લગભગ ૩૦ મિનિટનો સમય લેવો જાઈએ.

# વિભાગ-09

આ સેશનમાં કેવી રીતે રૈખિક પદ્ધતિ રાજ્યની વૃદ્ધિને રોકી રાખે છે અને કેવી રીતે બિનપરંપરાગત વિચારધારા શિષ્યોની વૃદ્ધિ કરવામાં મદદરૂપ બને છે તે વિશે શીખીશું. શિષ્યો બનાવવામાં કેટલો સમય લાગે છે અને તેની ગતિને કેવી રીતે ઝડપી કરી શકાય તે વિશે શીખીશું. ઈસુના શિષ્યો કેવી રીતે વિશ્વાસુ, આત્મિક કુટુંબને વિશ્વાસીઓની વૃદ્ધિ કરવામાં મદદરૂપ બનવા માટે બે મંડળીનો ભાગ બની શકે છે તે વિશે શીખીશું. અંતે, કેવી રીતે 3 મહિનાની યોજના તમારા પ્રયત્નો પર લક્ષ રાખીને પ્રભુના કુટુંબની વૃદ્ધિ કરવાની તમારી અસરકારકતામાં વધારો કરી શકે છે તે વિશે શીખીશું.

## 3 મહિનાની યોજના

હવે તમને શિષ્યો બનાવવાના મૂળભૂત સાધનોનો પરિચય કરાવવામાં આવ્યો છે, તો થોડો સમય પ્રાર્થનામાં ગાળો અને પ્રભુ આ સાધનોનો ઉપયોગ કરીને હવે પછીના 3 મહિનામાં તમારી પાસે શું કરાવવા માગે છે તે વિશે પ્રભુની દોરવણી માગો. જ્યારે તમે પ્રભુનો અવાજ સાંભળવામાં સમય ગાળો ત્યારે નીચે જણાવેલ યોજનાને ભરો. તમારા તાલીમ સહયોગીને તમારી યોજના જણાવો અને એકબીજાની યોજનાઓ જાણીને હવે પછીના 1,2,3,4,6,8 અને 12 અઠવાડિયા વિશે જાણીને જવાબદારીનું સમયપત્રક નક્કી કરો.

હું નીચે દર્શાવેલી વ્યક્તિઓ સમક્ષ મારી વાર્તા (સાક્ષી) અને ઈશ્વર વિષેની વાર્તા (સુવાર્તા) સંબંધી વાત કરીશ:

જવાબદારી જૂથ શરૂ કરવા માટે હું નીચે જણાવેલા લોકોને આમંત્રણ આપીશ:

હું નીચે જણાવેલા લોકોને તેઓનું પોતાનું જવાબદારી જૂથ શરૂ કરવા તથા તેઓને તાલીમ આપવા માટેનો પડકાર આપીશ:

મારી સાથે રહીને 3/3 જૂથ શરૂ કરવા માટે હું નીચે જણાવેલા લોકોને આમંત્રણ આપીશ:

હું નીચે જણાવેલા લોકોને તેઓના પોતાનાં 3/3 જૂથો શરૂ કરવા તથા તેઓને તાલીમ આપવા માટે પડકાર આપીશ.

હું નીચે જણાવેલા લોકોને ૩/૩ ‘આશા’ કે ‘શોધી કાઢો’ જૂથમાં ભાગ લેવા માટે આમંત્રણ આપીશ (જુઓ પરિશિષ્ટ):

મારી સાથે પ્રાર્થનાયાત્રામાં ભાગ લેવા માટે હું નીચે જણાવેલા લોકોને આમંત્રણ આપીશ:

હું નીચે જણાવેલા લોકોને તેઓની પોતાની વાત કહેવા તથા ઈશ્વર વિષેની વાત કહેવા અને પોતાના સંલગ્ન નેટવર્કમાંથી ૧૦૦ જણાની એક યાદી તૈયાર કરવા માટે સુસજ્જ કરીશ.

હું નીચે દર્શાવેલા લોકોને અમુક સમયગાળાને આધારે પ્રાર્થનાચક્રનો ઉપયોગ કરવા માટેનો પડકાર આપીશ:

હું પ્રાર્થનાચક્ર સાધનનો ઉપયોગ દર ________________________ એક વખત કરીશ. (દિવસો - અઠવાડિયાઓ-મહિનાઓ)

હું દર ________________________ (દિવસોએ -અઠવાડિયે -મહિનાઓ) એક વખત પ્રાર્થનાયાત્રા કરીશ.

હું જેઓને દોરવણી આપીશ, એવા આગેવાનોના એક એકમનો એક ભાગ બનવા માટે નીચેના લોકોને આમંત્રણ આપીશ:

હું નીચે જણાવેલા લોકોને ઝુમ (ZÚME) તાલીમ અભ્યાસક્રમમાંથી પસાર થવા માટેનું ઉત્તેજન આપીશ:

અન્ય સંકલ્પો:

# અદ્યતન તાલીમ

## વિભાગ-10

મહત્ત્વપૂર્ણ તાલીમના આ સેશનમાં, આપણે એ બાબત તરફ દૃષ્ટિ કરવાના છે કે આપણે કેવી રીતે આપણા પ્રશિક્ષણની શક્તિઓને એક ઝડપી આકારણી સાથે સરખાવી શકીએ. વળી આપણે એ બાબત પણ શીખીશું કે નેટવર્કમાં કાર્ય કરનાર આગેવાનો કેવી રીતે નાની મંડળીઓના વૃદ્ધિ પામતા જૂથને સાથે મળીને કાર્ય કરવાની તક આપશે કે જેને પરિણામે વિશેષ કોઈક બાબત સિદ્ધ થઈ શકે. આપણે એ વાત પણ શીખીશું કે કેવી રીતે અડધાપડધા લેખાતા મેન્ટરીંગ જૂથોને આપણે વિકસાવી શકીએ કે જેને પરિણામે આગેવાનો વૃદ્ધિના એક સમસ્ત નવા સ્તરે પહોંચી શકે.

## પ્રશિક્ષણની યાદી

પ્રશિક્ષણની યાદી એક અસરકારક માધ્યમ છે કે જેનો તમે ઉપયોગ કરીને ઝડપથી તમારી પોતાની શક્તિઓને અને નબળાઈઓને સમજી શકો અને તમે વૃદ્ધિ પામતા શિષ્યોને તૈયાર કરી શકો. વળી બીજાઓને મદદ કરવા માટે તમે ઉપયોગ કરી શકો એવું એ એક અસરકારક સાધન પણ છે – અને તમને મદદ કરવા માટે બીજા લોકો પણ તેનો ઉપયોગ કરી શકે છે.

પોતાની જાતનું આ રીતે ઝડપથી મૂલ્યાંકન કરવા માટે તમે નીચે દર્શાવેલાં પગથિયાઓનો ઉપયોગ કરી શકો છો:

- **પગથિયું ૧** – યાદીની ડાબી તરફના સૌથી દૂરના છેડે લખવામાં આવેલ શિષ્યની તાલીમ માટેનાં સાધનોને લગતી નોંધ વાંચી જાઓ.
- **પગથિયું ૨** – નીચે દર્શાવેલી પદ્ધતિનો ઉપયોગ કરીને તાલીમ માટેના દરેક સાધન સામે નિશાની કરો:
    - જો તમે સાધનથી અજાણ છો અથવા તો સાધનની કાર્યપદ્ધતિને સમજી શકતા નથી તો કાળા રંગની નિશાની કરો.
    - જો તમે થોડુંઘણું જાણો છો, પરંતુ સાધનની પૂરેપૂરી માહિતી તમારી પાસે નથી – તો લાલ રંગની નિશાની કરો.
    - જો તમે સાધનને સમજી શકો તેમ છો અને તેને લગતી પાયારૂપ બાબતોની તાલીમ આપી શકો તેમ છો, તો પીળા રંગની નિશાની કરો.
    - જો તમે આત્મવિશ્વાસ ધરાવો છો અને અસરકારક રીતે સાધનની તાલીમ આપી શકો તેમ છો, તો લીલા રંગની નિશાની કરો.

**યાદ રાખો** – તમારા પ્રશિક્ષણની યાદીનાં પરિણામો વિષે ઝૂમના તમારા પ્રશિક્ષક અને/અથવા તમારી તાલીમ દરમિયાન તમારી સાથે રહેનાર અથવા અન્ય માર્ગદર્શકની સાથે વાત કરવાનું યાદ રાખો. જા તમે કોઈક પ્રશિક્ષક કે માર્ગદર્શકને મદદરૂપ થઈ શકો તેમ છો, તો આ સાધન સંબંધી તેઓની સાથે વાત કરો અને કયા ક્ષેત્રોમાં તમારે ધ્યાન કેન્દ્રિત કરવાની તથા તાલીમ લેવાની જરૂર છે, એ વિષેની જાણકારી મેળવવામાં તે મદદરૂપ બનશે.

# પ્રશિક્ષણને લગતી યાદી

કાળું: નવી માહિતીથી તાલીમ આપો. અને લોકો સમજ્યા છે કે નહિ એ બાબતની ખાતરી કરી લો.

લાલ: થોભો અને તેઓ મૂળભુત બાબતો જ્યાં સુધી સમજી ન લે ત્યાં સુધી રાહ જુઓ.

પીળો: સતત નિપુણતા પ્રાપ્ત કરવા માટે તૈયાર રહો.

લીલો : આગળ વધો અને તેઓને પડતા મૂકીને અન્ય લોકોને શોધી કાઢો કે તેઓને વિકાસ પમાડી શકાય.

| | નમૂનો | મદદ | નિહાળવું | છોડી દેવું |
|---|---|---|---|---|
| | જાણકારી નથી | તાલીમ વગર | સક્ષમ | તાલીમ પામેલ |
| | માર્ગદર્શકની ભૂમિકા | | | |
| | માર્ગદર્શકની ભૂમિકા માર્ગદર્શક દોરવણી અને માહિતી પૂરી પાડે છે. | માર્ગદર્શક દોરવણી અને ટેકો પૂરો પાડે છે. | માર્ગદર્શક ટેકો અને ઉત્તેજન પૂરૂં પાડે છે. | માર્ગદર્શક માહિતી મેળવે છે. |
| | આયોજનો કેવી રીતે તૈયાર કરવામાં આવે છે | | | |
| તાલીમ માટેનાં સાધનો | માર્ગદર્શક નિર્ણય લે છે | માર્ગદર્શક ચર્ચા કરે છે અને માર્ગદર્શક નિર્ણય લે છે | માર્ગદર્શક/માર્ગદર્શન પ્રાપ્ત કરનાર ચર્ચા કરે છે અને માર્ગદર્શન પ્રાપ્ત કરનાર નિર્ણય લે છે | માર્ગદર્શન પ્રાપ્ત કરનાર નિર્ણય લે છે |
| બતકના બચ્ચાં જેવું શિષ્યપણું | | | | |
| તમારા વિષેની વાત કહો (સાક્ષી) | | | | |
| ઈશ્વર વિષેની વાત કહો (સુવાર્તા) | | | | |
| દાસ સ્વરૂપના સંબંધો – ૧૦૦ની યાદી | | | | |
| ઝડપ | | | | |
| ૩/૩ જૂથનો નમૂનો | | | | |
| ३/३ गट रचना | | | | |
| સીધીસાદી મંડળી – ઈશ્વર/અન્ય લોકો પર પ્રેમ રાખો, શિષ્યો બનાવો | | | | |
| બે મંડળીઓના સભ્ય હોવું | | | | |
| તાલીમ ચક્ર | | | | |
| જવાબદારી જૂથો | | | | |
| સ્વપોષણ: | | | | |
| • દરરોજ ઈશ્વરનાં વચનોનું વાચન (આધીન થાઓ) | | | | |
| • પ્રાર્થના-વાતચીત કરો અને ધ્યાનથી સાંભળો (પ્રાર્થનાચક્ર) | | | | |
| • દૈહિક જીવન-સંગત (એકબીજાનાં) | | | | |
| • સતાવણી અને દુઃખ | | | | |
| જ્યાં ઈશ્વરનું રાજ્ય નથી એવી જગ્યાએ જાવા માટેની આંખો | | | | |

| | | | | |
|---|---|---|---|---|
| સમાધાન કરાવે એવી વ્યક્તિને શોધી કાઢો (માથ્થી ૧૦, લૂક ૧૦) | | | | |
| પ્રાર્થનાયાત્રા | | | | |
| મંડળીનું સ્વરૂપ ધારણ કરવું: | | | | |
| • સંગત (સાથે મળીને, એકબીજાનું ભોજન લો) | | | | |
| • સ્તુતિ અને આરાધના | | | | |
| • બાઈબલ (આધીન થાઓ, તાલીમ આપો) | | | | |
| • અન્ય લોકોને ઈસુ સંબંધી જણાવવું (વાતચીત કરો) | | | | |
| • બાપ્તિસ્મા | | | | |

## માર્ગદર્શન આપનાર સમોવડિયાં જૂથો

ઈસુએ કહ્યું – "એક નવી આજ્ઞા હું તમને આપું છું : એકબીજા પર પ્રેમ રાખો. જેમ મેં તમારા પર પ્રેમ રાખ્યો છે, તેમ તમે પણ એકબીજા પર પ્રેમ રાખો. જો તમે એકબીજા પર પ્રેમ રાખશો તો, દરેક જણ જાણશે કે તમે મારા શિષ્યો છો."

માર્ગદર્શન આપનાર સમોવડિયું જૂથ એવા લોકોનું બનેલું હોય છે કે જેઓ દોરવણી આપતા હોય છે અને ૩/૩ જૂથો શરૂ કરતા હોય છે. એ જૂથ ૩/૩ નમૂનાને પણ અનુસરતું હોય છે અને તમારા વિસ્તારમાં થઈ રહેલું ઈશ્વરનું કાર્ય આત્મિક દૃષ્ટિએ કેટલું તંદુરસ્ત છે, એ બાબતનું મૂલ્યાંકન કરવામાં તે અસરકારક રીતે કાર્ય કરે છે.

ઈસુના અનુયાયીઓને વ્યક્તિગત મળીને દોરવણી આપવાનું, તથા સીધીસાદી મંડળીઓ સાથે, સેવાકાર્ય કરનાર સંસ્થાએ સાથે અને આખા જગતભરમાં પથરાયેલ વૈશ્વિક સ્તરની મંડળીઓના સંગઠન સાથે રહીને કાર્ય કરે છે.

માર્ગદર્શન આપનાર સમોવડિયા જૂથમાં જોડાયેલ લોકો સેવાકાર્ય માટે ઈસુએ અપનાવેલ કાર્યપદ્ધતિને અનુસરીને પોતાના ઉદ્દેશો તરફ દૃષ્ટિ કરતા હોય છે અને પ્રશ્નો પૂછીને જરૂરી એવી માહિતી પૂરી પાડે છે. આ સેશનો કોઈના અહ્મને બહેકાવવા માટે નથી કે કોઈને હલકા પાડવાની વૃત્તિ ધરાવતા નથી. એ સેશનો તો સૂચનો તથા પ્રેરણા આપવા માટે છે.

આ સીધાસાદા નમૂનાનો ઉપયોગ કરો:

**પાછળ તરફ દૃષ્ટિ કરો**: (તમારા સમયનો ૧/૩ ભાગ)

**પ્રથમ ૧/૩ ભાગ દરમિયાન** - પ્રાર્થના કરવામાં સમય ગાળો અને તમે જાણે કે ૩/૩ના એક મૂળભુત જૂથમાં છો, એવું માનીને સાવધાની રાખો. એ પછીથી જૂથના દર્શન તથા અગાઉ તેઓએ લીધેલા નિર્ણયો પ્રત્યેના જૂથના વિશ્વાસુપણા તરફ દૃષ્ટિ રાખીને સમય પસાર કરો:

ખ્રિસ્તને વળગી રહેવાની બાબતમાં તમે કેટલે અંશે સફળ રહ્યા છો ? (પવિત્રશાસ્ત્રનું વાચન, પ્રાર્થના કરવી, વિશ્વાસ કરવો, આધીન રહેવું, ચાવીરૂપ સંબંધો) શું તમારા જૂથે ગયા સેશનથી તમારા કાર્ય કરવાનાં આયોજનોને પૂરાં કર્યાં હતાં ? એ બધી બાબતોની સમીક્ષા કરો.

**ઉપર તરફ દૃષ્ટિ કરો**: (તમારા સમયનો ૧/૩ ભાગ)

તમારા જૂથને નીચે આપવામાં આવેલા સીધાસાદા પ્રશ્નોની ચર્ચા કરવા દો:

૧. ચાર ક્ષેત્રોના રેખાકૃતિના દરેક વિભાગમાં તમને કેવું લાગી રહ્યું છે?
૨. કઈ બાબત સારી ચાલી રહી છે ? તમારા માટેના સૌથી મોટા પડકારો કયા કયા છે?
૩. તમારા વર્તમાન સમયના સમકાલીન નકશાની સમીક્ષા કરો.
૪. કઈ બાબત તમને પડકારરૂપ લાગી અથવા તમને કઈ બાબત સમજવામાં અઘરી લાગી?
૫. અત્યારે ઈશ્વર તમને શું દર્શાવી રહ્યા છે?

૬ અનુભવી આગેવાનો કે ભાગ લેનારાઓમાંથી અન્ય કોઈને કોઈક પ્રશ્નો મૂંઝવી રહ્યા છે?

**આગળ તરફ દૃષ્ટિ કરો** (તમારા સમયનો ૧/૩ ભાગ)

જૂથમાંના દરેક જણ સાથે મળીને શાંત પ્રાર્થના કરવામાં સમય ગાળો અને પવિત્ર આત્માને વિનંતી કરો કે તે તેઓને આ પ્રશ્નોના જવાબ કેવી રીતે આપવા, એ બતાવે:

૭. હવે પછી ફરીથી અમે જ્યારે એકઠા મળીએ, તે પહેલાં હું કઈ કઈ બાબતોને અમલમાં મૂકું અથવા તો એ બાબતો કરવાનો લક્ષ્યાંક રાખું, એ સંબંધી ઈશ્વરની ઈચ્છા શું છે? (કાર્ય કરવામાં તમારું ધ્યાન કેન્દ્રિત કરવામાં તમને મદદરૂપ બને, એવાં ચાર ક્ષેત્રોવાળાં સાધનનો ઉપયોગ કરો)
૮. મારો માર્ગદર્શક અને જૂથના અન્ય સભ્યો આ કાર્યમાં મને કેવી રીતે મદદ કરી શકે?

છેલ્લે, પ્રાર્થના મારફતે ઈશ્વરની સાથે વાત કરવામાં સમય ગાળો.

જૂથના સભ્યોને પ્રાર્થના કરવા દો કે જેથી કરીને દરેક સભ્ય માટે પ્રાર્થના કરવામાં આવે અને ઈશ્વરને વિનંતી કરો કે તે જૂથમાંના સર્વ લોકોનાં હૃદયોને એવી રીતે તૈયાર કરે કે જૂથ પોતાના ફુરસદના સમય દરમિયાન સુવાર્તા પ્રગટ કરે.

ઈશ્વરને પ્રાર્થના કરો કે તે જૂથમાંના દરેક સભ્યને હિંમત અને સામર્થ્ય પૂરું પાડે કે ઈશ્વરે તેઓને આ સેશનમાં જે કંઈ શીખવ્યું છે, એ દરેક બાબતનું તેઓ લાગુકરણ કરે અને આધીન થાય. જો અનુભવી આગેવાન નાના આગેવાન માટે ખાસ પ્રાર્થના કરાવવાની ઈચ્છા રાખતા હોય, તો એ બાબત સંબંધી પ્રાર્થના કરવા માટેનો એ યોગ્ય સમય છે.

જો આ જૂથો અવારનવાર એકઠાં મળતાં હોય, તો પ્રભુભોજન કે સામૂહિક ભોજન જેવા પ્રસંગોની ઉજવણી તમે કદાચ ન પણ કરી શકો, પરંતુ એક બાબતની ચોકસાઈ રાખો કે આરોગ્ય અને કુટુંબ તથા મિત્રો માટે અવશ્ય સમય ફાળવો.

## ચાર ખેતરોને પારખવાને લગતી આકૃતિ




ફળદ્રુપ ખેતર: **વિશ્વાસુ લોકોની શોધખોળ કરવા માટે તથા તેઓને સુસજ્જ કરીને અન્ય લોકોને ખ્રિસ્તની પાસે લાવવા માટેની જવાબદારી સોંપવા માટે તમે કોને, કેવી રીતે અને ક્યારે ચકાસો છો ?**


ખાલી ખેતર: **ઈશ્વરના રાજ્યની વૃદ્ધિને માટે તમે ક્યાં અને કોની સાથે (કયા લોકજૂથો) આયોજન કરી રહ્યા છો ?**


બીજ વાવેલું ખેતર: **ક્યાં અને કોની સાથે તમે ઈશ્વરના રાજ્ય વિષેની વાત કરી રહ્યા છો ? તમે એ કાર્ય કેવી રીતે કરી રહ્યા છો ?**

વૃદ્ધિ પામતું ખેતર: **તમે કેવી રીતે લોકોને સુસજ્જ કરી રહ્યા છો અને આત્મિક રીતે તેઓનો ઉછેર કરી રહ્યા છો, વ્યક્તિગત સ્વરૂપે અને તેઓનાં સ્વાભાવિક જીવનોમાં ?**

લણણી માટે તૈયાર હોય એવું ખેતર: **નવાં આત્મિક કુટુંબો (સીધીસાદી મંડળીઓ) કેવી રીતે રચાતી હોય છે ?**

# સમકાલીન નકશા પર સીધીસાદી મંડળીનું પ્રતિનિધિત્વ કરવા માટેનો નમૂનો



# અનુક્રમણિકા

## આશા શ્રેણી (શોધકમિત્રો માટે)

આશાની શ્રેણી (શોધકો માટે)

તમારા જૂથના "ઉપર તરફ જુઓ" વિભાગ માટે નીચેના શાસ્ત્રભાગોનો ઉપયોગ કરો. કેટલાક શાસ્ત્રભાગો તમારા જૂથને એક કરતાં વધારે વખત એકઠા મળવાની જરૂર પડી શકે છે.

૧. પાપી વ્યક્તિ માટેની આશા: લૂક ૧૮:૯-૧૪
૨. દરિદ્રી વ્યક્તિ માટેની આશા: લૂક ૧૨:૧૩-૩૪
૩. માર્ગ ભ્રષ્ટ થયેલી વ્યક્તિ માટે આશા: લૂક ૧૫: ૧૧-૩૨
૪. ખોવાયેલી વ્યક્તિ માટે આશા: લૂક ૧૯:૧-૧૦
૫. દુઃખિત વ્યક્તિ માટે આશા: યોહાન ૧૧:૧-૪૪
૬. શોધકમિત્ર માટે આશા: યોહાન ૩:૧-૨૧

---

**યોહાનની નિશાનીઓ (શોધકમિત્રો માટે)**

તમારા જૂથના "ઉપર તરફ દૃષ્ટિ કરો"ના વિભાગ માટે નીચેના શાસ્ત્રભાગોનો ઉપયોગ કરો. કેટલાક શાસ્ત્રભાગો માટે તમારા જૂથને એક કરતાં વધારે મિટીંગો યોજવાની જરૂર પડશે.

૧. પાણીનો દ્રાક્ષારસ બનાવવો: યોહાન ૨:૧-૧૨
૨. અમીરના દીકરાનું સાજાપણું: યોહાન ૪:૪૬-૫૪
૩. પક્ષઘાતીને સાજાપણું આપવામાં આવ્યું. યોહાન ૫:૧-૧૭
૪. પાંચ હજારને જમાડ્યા: યોહાન ૬:૧-૧૪
૫. પાણી પર ચાલવું: યોહાન ૬:૧૫-૨૫
૬. જન્મથી આંધળા એવા એક માણસને દેખતો કરવામાં આવ્યો: યોહાન ૯:૧-૪૧
૭. લાઝરસને મૂએલાંમાંથી જીવતો ઉઠાડવો: યોહાન ૧૧:૧-૪૬

---

દોડવાનું શરૂ કરો: **પ્રથમ ૮ મિટીંગો**

જેઓ પહેલેથી જ ખ્રિસ્તીઓ છે, પરંતુ અગાઉ તેઓ આ પ્રકારના કોઈ જૂથમાં જોડાયા ન હતા, એવા લોકો માટે આ બાબત યોગ્ય હોય છે. મહાવરો કરવાના વિભાગમાંના આ ૮ સેશનો માટે સર્વસામાન્ય છે અને તેને માટે દોરવણી પૂરી પાડવામાં આવી છે. મિટીંગોના પાછળના ભાગમાં વ્યક્તિગત મહાવરો કરવાની તક આપવામાં આવતી હોય છે.

**૧. તમારી વાર્તા કહો**

**ઉપર તરફ દૃષ્ટિ કરો:** માર્ક ૫:૧-૨૦. કલમ ૧૮-૨૦ તરફ વિશેષ ધ્યાન આપો.

**મહાવરો કરો:** તમારી વાર્તા કહેવાનો મહાવરો કરો. વાર્તા કહેવા માટે તમારે તૈયારી કરવાની જરૂર છે અને તમે જ્યારે લોકોની સમક્ષ ઈસુ વિષે વાત કરો ત્યારે એ વાર્તા કહેવા માટે તમારે તૈયાર રહેવું પડશે:

- ઈસુની પાછળ ચાલતા અગાઉ તમારું જીવન કેવું હતું, એ વિષે વાત કરો - ઈસુની પાછળ ચાલતા અગાઉ તમને જે લાગણીઓનો અનુભવ થયો હતો, એ વિષે વાત કરો (પીડા, એકલવાયાપણું); પ્રશ્નો (મૃત્યુ પછી શું થાય છે)
- તમે ઈસુના અનુયાયી કેવી રીતે બન્યા, એ વિષે વાત કરો - તેઓને ઈસુ વિષે જણાવો ! ઈસુ વિષેની સૌથી વધારે મહત્ત્વપૂર્ણ બાબત તો આ છે: આપણે આપણાં પાપોથી ઈશ્વરને દુઃખ પહોંચાડ્યું છે. આપણાં પાપોને કારણે જ આપણે મૃત્યુ પામીશું. આપણાં પાપોને સારૂ જે મૃત્યુ પામ્યા, દટાયા અને મૂએલાંમાંથી પાછા ઊઠ્યા, એવા ઈસુ પર આપણે જ્યારે વિશ્વાસ કરીએ છીએ ત્યારે આપણે તારણ પામીએ છીએ.
- ઈસુની પાછળ ચાલવાનું શરૂ કર્યા પછીથી તમારા જીવનમાં આવેલ પરિવર્તન વિષે જણાવો - ઈસુએ આપેલ આનંદ, શાંતિ અને માફી વિષે જણાવો.
- પ્રત્યુત્તરો સ્વીકારો - તમારી વાર્તા એવી હોવી જાઈએ કે શ્રોતાઓ પોતાનો પ્રતિભાવ આપે. વાર્તાના અંતે એક એવો પ્રશ્ન પૂછો કે જે તમને વ્યક્તિની આત્મિક રૂચિનું સ્તર જાણવામાં મદદ કરે. કંઈક આ પ્રકારના પ્રશ્નો પૂછો: "તમને કેવી રીતે માફી મળી શકે, એ સંબંધીની જાણકારી પ્રાપ્ત કરવાનું તમને ગમશે, શું?" અથવા, "ઈશ્વર તમારા જીવનમાં પરિવર્તન લાવે, એ બાબત તમને ગમશે ?"
- ટૂંકમાં વાર્તા કહો (૩ મિનિટ કે તેનાથી ઓછા સમયમાં) - તમારી વાર્તા ટૂંકી અને રસપ્રદ હોવી જાઈએ. કંટાળો પેદા થાય એવી વાત ન કરો અને લાંબી લાંબી વાર્તા પણ ન કહો કે જેને લીધે શ્રોતાનો રસ ઊડી જાય.
- તમારા જૂથના કોઈક સભ્યની સમક્ષ તમારી વાર્તા કહેવાનો મહાવરો કરો.
- વાર્તા કહેવા માટે પાંચ જણાની પસંદગી કરો. પ્રાર્થના કરો. ઈશ્વરને વિનંતી કરો કે તે તમને તેમની ઈચ્છા પ્રમાણેની તમારી ઓળખીતી હોય એવી ૫ વ્યક્તિઓ બતાવે કે જે આ અઠવાડિયે તમારી વાર્તા કહે.

---

**૨. ઈસુ વિષેની વાર્તા કહો**

**ઉપર તરફ દૃષ્ટિ કરો:** ૧ કરિંથી ૧૫:૧-૮; રોમનો ૩:૨૩, રોમનો ૬:૨૩.

**મહાવરો કરો:** તમારા જૂથમાંના દરેક જણને સુવાર્તાપ્રચારને લગતી કે અન્ય કોઈપણ સીધીસાદી પધ્ધતિનો ઉપયોગ કરીને ઈસુ વિષેની વાર્તા કહેવાનો મહાવરો કરવા દો. આ અઠવાડિયા દરમિયાન ૫ જણા સમક્ષ તમારી વાર્તા અને ઈસુ વિષેની વાર્તા કહો. આ બાબત દર અઠવાડિયે કરતા રહો.

---

**૩. પાછળ ચાલો અને માછલાં પકડનારા બનો:**

**ઉપર તરફ દૃષ્ટિ કરો:** માર્ક ૧:૧૬-૨૦

**મહાવરો કરો:** એક યાદી તૈયાર કરો. એક કોરો કાગળ લો અને તમે જેઓને ઓળખો છો એવી ૧૦૦ વ્યક્તિઓનાં (કુટુંબીજનો, મિત્રો, પાડોશીઓ, સહકાર્યકરો અને સહાધ્યાયીઓ) નામ લખો કે જેઓએ ઈસુ વિષે સાંભળવાની જરૂર છે. આ અઠવાડિયે ૫ જણા સમક્ષ તમારી વાર્તા અને ઈસુ વિષેની વાર્તા કહો. આ બાબત દર અઠવાડિયે કરતા રહો.

---

**૪. બાપ્તિસ્મા**

**ઉપર તરફ દૃષ્ટિ કરો:** રોમનો ૬:૩-૪; પ્રે.કૃ. ૮:૨૬-૪૦

મહાવરો કરો: નજીકમાં આવેલું પાણી (નાહવા માટેનું ટબ, કુંડ, નદી, કિનારો) શોધી કાઢો અને બધા જ વિશ્વાસીઓને તેમાં બાપ્તિસ્મા આપો. લોકો વિશ્વાસ કરવા લાગે, તો તરત જ તેઓના બાપ્તિસ્મા આપવાનું ચાલુ રાખો. બાપ્તિસ્મા સંબંધી વધારે જાણકારી મેળવવા માટે, જુઓ પ્રે.કૃ. ૨:૩૭-૪૧; ૮:૫-૧૩; ૮:૩૬-૩૮; ૯:૧૦-૧૯; ૧૦:૪૭-૪૮; ૧૬:૧૩-૧૫; ૧૬:૨૭-૩૪; ૧૮:૫-૯ અને ૧ કરિંથી ૧:૧૦-૧૭; પ્રે.કૃ. ૧૯:૧-૫; ૨૨: ૧૪-૨૭.

આ અઠવાડિયે પાંચ જણા સમક્ષ તમારી વાર્તા અને ઈસુ વિષેની વાર્તા કહો. આ બાબત દર અઠવાડિયે કરો.

---

**૫. બાઈબલ**

**ઉપર તરફ દૃષ્ટિ કરો:** ૨ તિમોથી ૩:૧૪-૧૬

**મહાવરો કરો:** બાઈબલ અભ્યાસને લગતા ૭ પ્રશ્નોને મોઢે કરો અને બોલો (સીધીસાદી મિટીંગના નમૂનામાં દર્શાવેલ ૧-૭ પ્રશ્નો). આ અઠવાડિયે ૫ જણ સમક્ષ તમારી વાર્તા અને ઈસુ વિષેની વાર્તા કહો. આ બાબત દર અઠવાડિયે કરતા રહો.

---

**૬. ઈશ્વરની સાથે વાતચીત કરો**

ઉપર તરફ દૃષ્ટિ કરો: માથ્થી ૬:૯-૧૩

**મહાવરો કરો:** ઈશ્વરની સાથે કેવી રીતે વાતચીત કરવી, એ બાબત શીખવા માટે તમારા હાથનો ઉપયોગ કરો. માથ્થી ૬:૯-૧૩ માં દર્શાવેલ ઈસુએ શીખવેલી પ્રાર્થના મારફતે એક જૂથ સ્વરૂપે પ્રાર્થના કરો, પ્રાર્થના કરતી વખતે એક માર્ગદર્શક તરીકે તમારા હાથનો ઉપયોગ કરો.

૧. હથેલી - સંબંધ. જે રીતે હથેલી આપણી આંગળીઓ અને અંગૂઠાનો પાયો છે, તે રીતે ઈશ્વરની સાથે ગાળવામાં

આવતો સમય જ ઈશ્વરની સાથેના આપણા વ્યક્તિગત સંબંધનો પાયો છે. "ઓ આકાશમાંના અમારા બાપ...." (માથ્થી ૬:૯)

૨. અંગૂઠો - આરાધના. આપણો અંગૂઠો આપણને યાદ દેવડાવે છે કે આપણે ઈશ્વરની પાસે કંઈક માગીએ, એ પહેલાં આપણે ઈશ્વરની આરાધના કરવી જોઈએ. "તારું નામ પવિત્ર મનાઓ" (માથ્થી ૬:૯)

૩. પ્રથમ આંગળી - આધીન થાઓ. એ પછીથી આપણે આપણાં જીવનો, આયોજનો, કુટુંબ, નાણાંકીય બાબતો, કાર્ય, ભવિષ્ય દરેક બાબત ઈશ્વરના હાથમાં સોંપી દઈએ. "તમારું રાજ્ય આવો, તમારી ઈચ્છા પૂરી થાઓ." (માથ્થી ૬:૧૦).

૪. વચ્ચેની આંગળી - વિનંતી કરો. એ પછીથી આપણે આપણી જરૂરિયાતો પૂરી કરવા માટે ઈશ્વરને વિનંતી કરીએ. "દિવસની અમારી રોટલી આજ અમને આપો." (માથ્થી ૬:૧૧).

૫. ચોથી આંગળી - માફ કરો. હવે આપણે ઈશ્વરને વિનંતી કરીએ છીએ કે તે આપણાં પાપોની માફી આપે. "જેમ અમે અમારા ઋણીઓને માફ કર્યાં છે, તેમ તમે અમારાં ઋણો અમને માફ કરો" (માથ્થી ૬:૧૨).

૬. ટચલી આંગળી - રક્ષણ કરો. એ પછીથી આપણે રક્ષણ માટે વિનંતી કરીએ. "અમને પરીક્ષણમાં ન લાવો, પણ ભૂંડાથી અમારો છૂટકો કરો" (માથ્થી ૬:૧૩)

૭. અંગૂઠો (ફરીથી) - આરાધના કરો. અને જે રીતે આપણે શરૂઆત કરી હતી, એ રીતે અંત પણ લાવીએ - આપણે સર્વશક્તિમાન ઈશ્વરની આરાધના કરીએ છીએ - "કેમ કે રાજ્ય તથા પરાક્રમ તથા મહિમા સર્વકાળ સુધી તમારાં છે. આમેન." (માથ્થી ૬:૧૩).

આ અઠવાડિયે પાંચ જણા સમક્ષ તમારી વાર્તા અને ઈસુ વિષેની વાર્તા કહો. આ બાબત દર અઠવાડિયે કરો.

---

**૭. કપરા સમયો**

**ઉપર તરફ દૃષ્ટિ કરો:** પ્રે.કૃ. ૫:૧૭ -૪૨; માથ્થી ૫:૪૩-૪૪.


**મહાવરો કરો:** તમારા નવા વિશ્વાસને લીધે તમારે સહન કરવી પડેલી મુશ્કેલી સંબંધી તમારા જૂથ સમક્ષ વાત કરો; તમારે પણ સહન કરવી પડે એવી મુશ્કેલીઓ વિષે વિચાર કરો; તમે ઈસુની જેમ એ મુશ્કેલીઓનો સામનો કેવી હિંમત અને પ્રેમથી કરશો, એનો નમૂનો આપો. જરૂરિયાતો ઊભી થતી જાય, તેમ તેમ પ્રાર્થના કરો. લોકો વાતચીત કરે, એ પછીથી દરેક જણ માટે પ્રાર્થના કરો. આ અઠવાડિયે પાંચ જણા સમક્ષ તમારી વાર્તા અને ઈસુ વિષેની વાર્તા કહો. આ બાબત દર અઠવાડિયે કરો.

---

**૮. એક મંડળી બનો**

ઉપર તરફ દૃષ્ટિ કરો: પ્રે.કૃ. ૨ : ૪૨-૪૭; ૧ કરિંથી ૧૧:૨૩-૨૪.

**મહાવરો કરો:** શાસ્ત્રભાગોમાં વર્ણવ્યા મુજબની મંડળી બનવા માટે તમારા જૂથે જે જે બાબતો કરવાની જરૂર છે, એ વિષે ચર્ચા કરો. એક જૂથ સ્વરૂપે, એક કોરા કાગળ પર ટપકાંવાળું એક એવું ચિત્ર દોરો કે જે તમારા પોતાના જૂથનું પ્રતિનિધિત્વ કરતું હોય. એ વર્તુળની ઉપર ૩ સંખ્યાની યાદી મૂકો: નિયમિત હાજરી આપનારાઓની સંખ્યા (લાકડીનું ચિત્ર), ઈસુ પર વિશ્વાસ કરનાર લોકોની સંખ્યા (વધસ્તંભ) અને વિશ્વાસ કર્યા પછીથી બાપ્તિસ્મા પામનાર લોકોની સંખ્યા (પાણી).



જો તમારા જૂથે એક મંડળી બનવા માટેનો નિર્ણય કર્યો હોય, તો ટપકાંવાળી લીટીને જાડીને વર્તુળ પૂરું કરો. જો તમે નિયમિતપણે નીચે દર્શાવેલી દરેક બાબતનો મહાવરો કરો છો, તો તમારા વર્તુળમાંની બાબતોનું એક ચિત્ર દોરો. જો તમે એ બાબત કરતા નથી અથવા બીજું કોઈ આવીને એ બાબત કરે એવી ઈચ્છા જો તમે રાખો છો, તો વર્તુળની બહાર એ બાબતનું ચિત્ર દોરો.




૧. એક મંડળી બનવા માટેનો સંકલ્પ : ટપકાંવાળી લીટીને બદલે ઘાટી લીટી

૨. બાપ્તિસ્મા - પાણી

૩. બાઈબલ-પુસ્તક

૪. ઈસુની યાદગીરી સ્વરૂપે રોટલી અને પાણી - પ્યાલો.

૫. સંગત -હૃદય

૬. દાનાર્પણ અને સેવાકાર્ય - નાણાંની નિશાની

૭. પ્રાર્થના - પ્રાર્થના કરનાર હાથો

૮. સ્તુતિ - ઊંચા કરેલા હાથો

૯. લોકોની સમક્ષ ઈસુ વિષે વાત કરવી- એક મિત્ર તેના મિત્રનો હાથ પકડીને તેને વિશ્વાસ તરફ દોરી જાય છે.

૧૦.આગેવાનો - સ્મિત પ્રગટ કરનાર બે ચહેરાઓ

તમારા જૂથમાં એવી કઈ બાબત છે કે જે એક તંદુરસ્ત મંડળી બનાવવા માટે ઉપયોગી હોય?

આ અઠવાડિયા દરમિયાન ૫ જણા સમક્ષ તમારી વાર્તા તથા ઈસુ વિષેની વાર્તા કહો. આ બાબત દર અઠવાડિયે કરો.

---

**હવે પછી ક્યાં?**

૩/૩ ઓળખો અથવા ૩/૩ દૃઢ બનો (નીચે જણાવ્યા પ્રમાણે) અથવા યોહાન કે માર્ક જેવા બાઈબલના એક પુસ્તકની પસંદગી કરો (મિટીંગ દીઠ કેવળ એક જ વાર્તા પસંદ કરો).

---

**ઓળખો શ્રેણી**

(એવાં જૂથો કે જેઓને બાઈબલની પૂર્વભૂમિકા અને પરિચયની જરૂર છે).

તમારા જૂથના "ઉપર તરફ દૃષ્ટિ કરો" વિભાગ માટે નીચે દર્શાવેલા શાસ્ત્રભાગોનો ઉપયોગ કરો. કેટલાક શાસ્ત્રભાગો માટે તમારા જૂથને એક કરતાં વધારે વખત એકઠા મળવાની જરૂર હોઈ શકે છે.

---

**ઈશ્વરને ઓળખો** - ઈશ્વર કોણ છે અને તે કોના જેવા છે

૧. સર્જન - ઉત્પત્તિ ૧

૨. માણસજાતનું સર્જન - ઉત્પત્તિ ૨

૩. માણસજાતનો આજ્ઞાભંગ - ઉત્પત્તિ ૩

૪. નૂહ અને જળપ્રલય - ઉત્પત્તિ ૬:૫-૮:૧૪

૫. નૂહને ઈશ્વરે આપેલી ખાતરી - ઉત્પત્તિ ૮:૧૫ - ૯:૧૭

૬. ઈશ્વર ઈબ્રાહિમની સાથે વાત કરે છે - ઉત્પત્તિ ૧૨:૧-૭; ૧૫:૧-૬

૭. દાઉદ ઈબ્રાહિમના વંશજાનો રાજા બને છે- ૧ શમુએલ ૧૬:૧-૧૩; ૨ શમુએલ ૭:૧-૨૮
૮. દાઉદ રાજા અને બેથશેબા - ૨ શમુએલ ૧૧:૧-૨૭
૯. નાથાન પ્રબોધકની વાર્તા - ૨ શમુએલ ૧૨:૧-૨૫
૧૦.ઈશ્વર ખાતરી આપે છે કે તારનાર આવશે - યશાયા ૫૩

**ઈસુને ઓળખો** - ઈસુ કોણ છે અને તે શા માટે આવ્યા હતા

૧. તારનાર જન્મ્યો છે - માથ્થી ૧:૧૮-૨૫
૨. ઈસુનું બાપ્તિસ્મા - માથ્થી ૩:૭-૯; ૧૩-૧૫
૩. અશુદ્ધ આત્મા વળગેલા માણસને સાજા કરવામાં આવ્યો -માર્ક ૫:૧-૨૦
૪. ઈસુ ક્યારેય ઘેટાંને ત્યજી દેતા નથી - યોહાન ૧૦:૧-૩૦
૫. ઈસુ એક આંધળા માણસને દેખતો કરે છે - લૂક ૧૮:૩૧-૪૨
૬. ઈસુ અને જાખી - લૂક ૧૯:૧-૯
૭. ઈસુ અને માથ્થી દાણી -માથ્થી ૯:૯ -૧૩
૮. ઈસુ એકલા જ એકમાત્ર માર્ગ છે - યોહાન ૧૪:૧-૧૫
૯. પવિત્ર આત્મા આવે છે - યોહાન ૧૬:૫-૧૫
૧૦. છેલ્લું ભોજન - લૂક ૨૨:૧૪-૨૦
૧૧. ધરપકડ અને મુકદમો - લૂક ૨૨:૪૭-૫૩; ૨૩:૧૩-૨૪.
૧૨. સજા-લૂક ૨૩:૩૩-૫૬
૧૩. ઈસુ જીવતા છે -લૂક ૨૪:૧-૭; ૩૬-૪૭; પ્રે.કૃ. ૧:૧-૧૧
૧૪. વિશ્વાસ કરવો અને કામ કરવું -ફિલિપ્પી ૩:૩-૯

---

**દૃઢ બનો શ્રેણી**

(જેઓને શિષ્ય બનવાને લગતા શિક્ષણની જરૂર છે, એવા નવા વિશ્વાસીઓ કે જૂથો માટે)

ઈસુ કહે છે - **ઈસુએ આપેલી મુખ્ય આજ્ઞાઓને આધીન થતાં શીખો. તમારી યાદીમાંના લોકોની સમક્ષ ઈસુ વિષેની વાત કરવાનું ચાલુ રાખો.**

**૧.૧ શીખો અને એ પ્રમાણે કરો - યોહાન ૧૪:૧૫-૨૧!**
**૧.૨ પસ્તાવો કરો. વિશ્વાસ કરો. અનુસરો. માર્ક ૧:૧૪-૧૭; એફેસી ૨:૧-૧૦**
**૧.3 બાપ્તિસ્મા પામો - માથ્થી ૨૮:૧૯; પ્રે.કૃ. ૮:૨૬-૩૮**

**૧.૪ ઈશ્વર પર પ્રેમ રાખો. લોકો પર પ્રેમ રાખો. લૂક ૧૦:૨૫-૨૭**

---

**ઈસુ એવું પણ કહે છે કે** – ઈસુએ આપેલી મુખ્ય આજ્ઞાઓને આધીન થતાં શીખો. તમારી યાદીમાંના લોકોની સમક્ષ ઈસુ વિષેની વાત કરવાનું ચાલુ રાખો.

**૨.૧** ઈશ્વરની સાથે વાત કરો - માથ્થી ૬:૯-૧૩. ઈસુએ પ્રાર્થના કરવા માટે જે નમૂનો આપ્યો હતો, એ નમૂનાને શીખીને તેનો મહાવરો કરો.

૨.૨ ઈસુને યાદ કરીને એ વિધિ પાળો -લૂક ૨૨:૧૪-૨૦;૧ કરિંથી ૧૧:૨૩-૩૨

૨.૩ આપો - પ્રે.કૃ. ૪:૩૨-૩૭

૨.૪ શીખવતા જાઓ - માથ્થી ૨૮:૧૮-૨૦

---

જે રીતે હું અનુસરું છું, તેમ તમે પણ મને અનુસરો - શિષ્યો બનાવો. તમે જે કંઈ શીખ્યા છો, તે બીજાઓને પણ શીખવતા જાઓ.

૩.૧ એક શિષ્યને શોધી કાઢો - ૨ તિમોથી ૧:૧-૧૪

૩.૨ શીખવતા જાઓ - ૨ તિમોથી ૨:૧-૪,૧૪-૧૬

૩.૩ તેઓને શીખવો કે એ લોકો બીજાઓને શીખવે. ૨ તિમોથી ૩:૧-૧૭

૩.૪ કપરા સમયો - ૨ તિમોથી ૪:૧-૨૨

---

**તમારા ૩/૩ જૂથની સંખ્યામાં વધારો કરો** - તમારા શિષ્યોને નવાં જૂથોમાં એકઠાં કરો.

૪.૧ શરૂઆત કરો અને એક આયોજન કરો - લૂક ૧૦:૧-૧૧. તમે જ્યારે એક નવા જૂથની શરૂઆત કરો છો ત્યારે ઈસુએ આપેલા બોધને ધ્યાનથી સાંભળો.

૪.૨ એકઠા મળો - પ્રે.કૃ ૨:૧૪-૪૭

૪.૩ શાંતિ કરાવનાર વ્યક્તિ - માર્ક ૫:૧-૨૦, ૬:૫૩-૫૬. ઈસુ વિષે પોતાની વાત જાહેર કરવા માગતા લોકોને શોધી કાઢો. એ વ્યક્તિ તથા તેનાં મિત્રો અને કુટુંબીજનો સાથે મળીને એક જૂથ શરૂ કરો.

૪.૪ કોણ તૈયાર છે - માથ્થી ૧૩:૧-૯,૧૮-૨૩

---

**જાઓ**: સ્થાનિક - તમારા સ્થાનિક સમાજના લોકો સુધી સુવાર્તા કેવી રીતે પહોંચાડવી, તે શીખો.

૬.૧ જાઓ : સ્થાનિક - પ્રે.કૃ ૧:૧-૮
૬.૨ દરિદ્રીઓને મદદ કરો. શુભ સમાચાર વિષે વાત કરો. લૂક ૭:૧૧-૨૩
૬.૩ ઈશ્વર તમને જ્યાં મોકલે ત્યાં જાઓ - પ્રે.કૃ. ૧૦:૯-૪૮
૬.૪ એક આયોજન સાથે જાઓ. પ્રે.કૃ. ૧૩:૧-૩; ૩૨-૩૩, ૩૮-૩૯; ૪:૨૧-૨૩,૨૬-૨૭

---

**જાઓ: વિશ્વ સ્તરે** - પૃથ્વીના છેડા સુધી સુવાર્તા કેવી રીતે પ્રગટ કરવી, એ બાબત શીખો.

૭.૧ જાઓ : વિશ્વ સ્તરે - પ્રે.કૃ ૧:૧-૮; માથ્થી ૨૮:૧૯-૨૦
૭.૨ જાઓ, ઈશ્વર તમને જ્યાં કહીં પણ મોકલે - પ્રે.કૃ. ૮:૨૬-૩૮
૭.૩ ઈશ્વર દરેક લોકજૂથના લોકો પર પ્રેમ રાખે છે. - યોહાન ૪:૪ -૩૦, ૩૯-૪૧
૭.૪ એક આયોજન સાથે જાઓ - પ્રે.કૃ. ૧૩:૧-૩; ૩૨-૩૩; ૩૮-૩૯; ૧૪:૨૧-૨૩,૨૬-૨૭

---

**મુખ્ય બાબતો યાદ રાખો** - તમે જ્યારે એકઠા મળો ત્યારે શું કરવું, એ બાબત શીખી લો.

૮.૧ પ્રથમ સ્થાને ઈસુ - ફિલિપ્પી ૨:૧-૧૧
૮.૨ ઈશ્વરની સાથે વાતચીત કરો. માથ્થી ૬:૯-૧૩
૮.૩ સમાજના લોકો - હિબ્રૂ ૧૦:૨૩-૨૫
૮.૪ બાઈબલ - ૨ તિમોથી ૩:૧૦-૧૭

---

**દ્રઢ રહેવા અને ઈસુને અનુસરવાનું ચાલુ રાખવું**

૯.૧ આજ્ઞાભંગ યૂના-૧
૯.૨ પ્રતિબદ્ધ યૂના-૨
૯.૩ આજ્ઞાધિન યૂના- ૩
૯.૪ બધી રીતે પાલન કરો યૂના- ૪
૯.૫ તેનો ઉપયોગ કરો અથવા છોડી દો માથ્થી ૨૫:૧૪-૩૦

**આગળ ક્યાં ?**

તમારા પોતાના બાઈબલ ફકરાઓ પસંદ કરો અને મળવાનું ચાલુ રાખો. સરખા પ્રશ્નો જૂથ મીટીંગ પદ્ધતિનો ઉપયોગ કરો. મળવાનું બંધ ન કરો.

વૃદ્ધિ કરનારાં શિષ્યો

વૃદ્ધિ કરનારાં શિષ્યો